જાહેરાત, પ્રેસનોટ તેમજ અખબાર મેળવવા માટે સંપર્ક કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકારો તેમજ પ્રેસ પ્રતિનિધિઓ નિમવાના છે.

સુરત :- ૧૬૧, શિવઓમનગર, મેરૂ લક્ષ્મી મંદિર રોડ, તાડવાડી, રાંદેર

મો. ૭૫૭૪૮ ૮૮૮૬૧

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર
SOCIAL MEDIA NEWS

● તંત્રી : ધનંજય ઝવેરી ● બ્યૂરો ચીફ : રવિ પટેલ

વિ. સં. ૨૦૭૫ । સોમવાર । તા. ૨૯-૦૪-૨૦૧૯ । વર્ષ : ૧૫ । પાના : ૨૨ । છૂટક નકલ : ૩ રૂ. । વાર્ષિક લવાજમ : ૨૫૧ રૂ.

વડાપ્રધાન મોદીની જાતિને લઈ રાજકીય ઘમાસાણ શરુ

મને આજ સુધી એ નથી ખબર કે વડાપ્રધાન મોદી કઈ જાતિના છે?: પ્રિયંકા ગાંધી

ભાજપ પાકિસ્તાન અને રાષ્ટ્રવાદની વાત કરે છે જ્યારે જનતાની અવાજ સાંભળવોએ રાષ્ટ્રવાદ છે,દેશમાં અમારી સરકાર આવશે તો કોંગ્રેસ ખેડૂતો માટે અલગથી બજેટ લાવશે,જનતા પોતાના એક મતથી દેશ બદલી શકે છે

બહરાઈચ

૨૦૧૯ લોકસભા ચૂંટણીને લઈને નેતાઓના નિવેદનોનો સિલસિલો યથાવત છે. એવામાં કોંગ્રેસ મહાસચિવ પ્રિયંકા ગાંધી વાડ્રાએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને લઈનને નિવેદન આપ્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી વિશે પ્રિયંકાએ કહ્યું- મને આજ સુધી એ નથી ખબર કે વડાપ્રધાન મોદી કઈ જાતિના છે?

કોંગ્રેસ મહાસચિવ પ્રિયંકા ગાંધીએ વડાપ્રધાન મોદીને લઈને કહ્યું હતું કે, મને આજ સુધી એ નથી ખબર પડી કે વડાપ્રધાન મોદી કઈ જાતિના છે? મારા ખ્યાલથી વિપક્ષે ક્યારેય આ રીતે વાત નથી કરી. તે સાથે જ પ્રિયંકાએ કહ્યું હતું કે- જ્યાં સુધી વિપક્ષની વાત છે તો હું માનું છું કે ખાસ કરીને કોંગ્રેસના નેતા માત્ર વિકાસના મુદ્દાઓ પર વાત કરે છે. અમે આ અંગે ક્યારેય કોઈ વ્યક્તિગત ટિપ્પણી નથી કરી.

ઉત્તર પ્રદેશના બહરાઈચમાં કોંગ્રેસ મહાસચિવ પ્રિયંકા ગાંધીએ જનસભા સંબોધી કેન્દ્રની મોદી સરકારને આડે હાથ લીધી. પ્રિયંકા ગાંધીએ જણાવ્યું કે, ભાજપ પાકિસ્તાન અને રાષ્ટ્રવાદની વાત કરે છે. જ્યારે જનતાની અવાજ સાંભળવોએ રાષ્ટ્રવાદ છે. જનતા પોતાના એક મતથી દેશ બદલી શકે છે. પ્રિયંકા ગાંધીએ રેલીમાં બેરોજગારી અને ખેડૂતોનો પણ મુદો ઉઠાવ્યો. તેમણે જણાવ્યુ કે, મોદી સરકારે બે કરોડ યુવાઓને રોજગારી આપવાનો વાયદો કર્યો હતો. જેને હજી સુધી પુરો કરવામાં આવ્યો નથી. ભાજપે જે વિકાસના વાયદા કર્યા છે તે સંપૂર્ણ પણે ખોટા સાબિત થયા. મોદી સરકારના શાસનમાં ખેડૂતોને પાક વીમાના પૈસા આપવામાં આવ્યા નથી. પ્રિયંકાએ કહ્યુ કે, દેશમાં અમારી સરકાર આવશે તો, કોંગ્રેસ ખેડૂતો માટે અલગથી બજેટ લાવશે. અને ખેડૂતોના વિકાસ માટે કામ કરવામાં આવશે. કન્નોજમાં નરેન્દ્ર મોદીએ કહ્યું કે, તેઓ પછાત જાતિના હોવાથી વિરોધીઓ તેમને નિમ્ન જાતિના કહી રહ્યા છે. પીએમ મોદીનો આ આરોપ તથ્યવિહિન અને પાયાવિહોણો છે. અમે ક્યારેય આ પ્રકારનું નિવેદન આપ્યુ નથી. પૂરા સન્માન સાથે અમે તેઓને ઉંચી જાતિના જ માન્યા છે. તો આ પ્રકારનુ નિવેદન આપવાની વાત ક્યાંથી આવી.

મોદી કાગળ પર પછાત,તેઓ જન્મજાતથી અગડી જાતિનાઃ તેજસ્વી યાદવ

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની જાતિ અંગે શરૂ થયેલા ઘમાસાણ બાદ આરજેડી નેતા અને બિહારના પૂર્વ નાયબ મુખ્ય પ્રધાન તેજસ્વી યાદવે પીએમ મોદી પર પ્રહાર કર્યા. તેમણે જણાવ્યું કે, પીએમ મોદી પોતાને નકલી ઓબીસી ગણાવ્યા બાદ હવે તેઓ અતિ પછાત બન્યા છે.















મોરબી છેવાડાના વિસ્તારની મહિલાઓએ માટલા ફોડી વિરોધ નોંધાવ્યો



પાણીના ધાંધિયાથી ભારોભાર નારજગી

મોરબીના છેવાડાના વિસ્તારો સાથે તંત્ર હમેશા ઓરમાયું વર્તન કરતી હોય તેવી ફરિયાદો ઉઠતી હોય છે અને લાયન્સનગર સહિતના વિસ્તારોમાં છેલ્લા ઘણા સમયથી પીવાના પાણીનો પ્રશ્ન ખદબદતો હોય જે મામલે રજુઆતો કર્યા બાદ પણ પ્રશ્ન ના ઉકેલાતા આજે મહિલાઓએ માટલા ફોડી ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો

મોરબીના શનાળા બાયપાસ પાસે આવેલ લાયન્સ નગર સહિતના વિસ્તારોમાં ઉનાળાના પ્રારંભે જ પાણીની સમસ્યા સર્જાઈ હતી અને પાણીની સમસ્યા અંગે લત્તાવાસીઓએ પાલિકા તંત્રને રજુઆતો કરી હતી અને હમેશની જેમ ખાતરીના ગાજર આપીને ટોળાને રવાના કરી દેવાયા હતા જોકે બાદમાં પ્રશ્ન ઉકેલાયો ના હોય ત્યારબાદ પણ લત્તાવાસીઓએ રજૂઆત કરી હતી જોકે નીભર તંત્ર દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં આવી ના હોય જેથી છેવાડાના વિસ્તારની મહિલાઓનો રોષ ભભૂકી ઉઠ્યો હતો અને ધોમધકતા તાપમાં પાણી વિના ઘર કેવી રીતે ચલાવવું તેવી સમસ્યાથી પીડાતી મહિલાઓએ આજે બેડા સરઘસ કાઢ્યું હતું અને માટલાઓ ફોડીને ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો



મોરબીના વાવડી રોડ પર ગેસનો બાટલો લીકેજ થતા અફરાતફરી

મોરબીના વાવડી રોડ પરના મકાનમાં ગેસનો બાટલો લીકેજ થતા ઘરમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો અને ફાયરની ટીમે સમયસર સ્થળ પર પહોંચીને આગ પર કાબુ મેળવ્યો હતો.

રાણપુરના રાજપરા ગામેથી જુગાર રમતા ચાર શકુનીઓને ૩.૧૦,૦૧૦ સાથે ઝડપી પાડતી રાણપુર પોલીસ



બોટાદ જીલ્લાના પોલીસ અધિક્ષક હર્ષદ મહેતા અને નાયબ પોલીસ અધિક્ષક રાજદીપસિંહ નકુમ દ્વારા બોટાદ જીલ્લામાં પ્રોહી જુગાર જેવી અસામાજીક પ્રવૃતિને અંકુશમાં લેવા અંગેની મળેલ સુચના અને માર્ગદર્શન હેઠળ રાણપુર પોલીસ સ્ટેશનના પો.સ.ઈ. એમ.જે.સાગઠીયા તથા પોલીસ સ્ટાફ હેડ કોન્સ. દશરથભાઈ કમેજળીયા, હેડ કોન્સ. વિજયભાઈ ધરજીયા, પો.કોન્સ.અશોકભાઈ બાવળીયા,પો.કોન્સ. કુલદીપસિંહ ગોહિલ સહીત નો રાણપુર પોલીસ સ્ટાફ પ્રોહી જુગારના કેસો શોધી કાઢવા અંગે પેટ્રોલીંગ કરી રહ્યો હતો તે દરમ્યાન પો.કોન્સ. અશોકભાઈને મળેલ બાતમી આધારે રાણપુર તાલુકાના રાજપરા ગામે રેડ કરતા જાહેરમાં તીનપત્તી નો જુગાર રમતા ભુપતભાઈ દશરથભાઈ વાટુકીયા,ભરતભાઈ વિઠ્ઠલભાઈ કુમરખાણીયા, રમેશભાઈ મોહનભાઈ કુમારખાણીયા,જાદવભાઈ ગાંડાભાઈ જમોડ રહે.તમામ રાજપરા ગામ તા.રાણપુર જી.બોટાદ આ તમામ શખ્સો તીનપત્તી નો જુગાર રમતા રોકડા ૧૦,૦૧૦ સાથે ઝડપી પાડ્યા હતા. જુગારધારા હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરેલ છે.

રાણપુરમાં આવેલ સી.એસ.ગદાણી હાઈસ્કુલ ખાતે વરિષ્ટ આગેવાનોની હાજરીમાં વાર્ષિક ઉત્સવ ઉજવાયો



સાંસ્કૃતિક કાર્યક્રમની સાથે સમાજ ને અંધશ્રધ્ધા માંથી બહાર કાઢવા જન વિજ્ઞાનના ચમત્કારોથી ચેતો જેવા અનેક કાર્યક્રમો યોજાયા.

બોટાદ જીલ્લાના રાણપુરમાં ધારપીપળા રોડ ઉપર આવેલી શ્રીમતિ ચંપાબેન સુખલાલ ગદાણી હાઈસ્કુલ ખાતે વાર્ષિક ઉત્સવ ઉજવાયો હતો.સંતો તથા મહાનુભાવો હસ્તે દિપ પ્રાગટ્ય કરીને કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી.રાત્રીના સમયે સી.એસ.ગદાણી હાઈસ્કુલના મેદાનમાં ભવ્ય વાર્ષિક ઉત્સવ ઉજવાયો જેમાં વિવિ સાંસ્કૃતિક પ્રોગ્રામ ની સાથે શાળાનો વાર્ષિક અહેવાલ,વિવિધક્ષેત્રના તારલાઓનું સન્માન,અંધ શ્રધ્ધા નિવારણ જન જાગૃતિ કાર્યક્રમ સહીત અનેક કાર્યક્રમો રજુ કરવામાં આવ્યા હતા.જેમાં વિજ્ઞાનજાથા રાજય ચેરમેન અને એડવોકેટ જયંત પંડ્યા દ્વારા જાથાના ચમત્કારિક પ્રયોગ નિદર્શનમાં એકના ડબલ,હાથમાંથી કંકુ-ભસ્મ-લોહી નિકળવુ,રૂપિયાનો વરસાદ,મનગમતી મીઠાઈ ખવડાવવી,કાનેથી ચિઠ્ઠી વાંચવી,ધગધગતા અંગારા ખાવા,,શરીર ઉપર સળગતા કાકડા ફેરવવા,,અગ્નિનું આપોઆપ સળગવું સહીત અનેક પ્રયોગ સ્થળ ઉપર કરી બતાવી લોકો ને શીખડાવવામાં આવ્યા હતા.અને આવી કોઈ અન્ન શ્રધ્ધામાં નહી માનવા અંગે નુ પણ માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ.જયારે સ્કુલ સંચાલક દ્વારા અગાઉ સી.એસ.ગદાણી સ્કુલમાં ભણેલા વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યુ હતુ.જેમા કુલદીપ અજીતભાઈ ચાવડા જેઓ અત્યારે પી.આઈ છે,,અમિત આર.જાદવ જેઓ અત્યારે ડોક્ટર છે,,સર્જીલા મકસુદભાઈ શાહ જેઓ અત્યારે ડોક્ટર છે,,કાળુ ધરમશીભાઈ ગાબુ જેઓ ખો-ખો રમતના નેશનલ પ્લેયર છે,,જયારે ગોપાલ હરીભાઈ પરમાર જેઓ અત્યારે ગુજરાતી ફીલ્મ ના કલાકાર છે,,આવા અનેક વિદ્યાર્થીઓ ગદાણી સ્કુલ માં અભ્યાસ કરી ને ઉચ્ચ કક્ષા એ નામના મેળવી રાણપુર નું નામ રોશન કર્યુ છે.આ વાર્ષિક ઉત્સવમાં લોયાધામના શ્રીજી વલ્લભસ્વામી,યોગરાજસિંહ ચુડાસમા-ચેરમેન ચુડાસમા રાજપુત સમાજ શિક્ષણ સમિતિ,નરેન્દ્રભાઈ બી દવે-ચેરમેન એ.પી.એમ.સી. રાણપુર,જીવાભાઈ રબારી-માજી સરપંચ,કનકબેન સાપરા-વિરોધ પક્ષના નેતા બોટાદ જીલ્લા પંચાયત, પ્રવિણસિંહ મોરી-T.P.O. રાણપુર તાલુકા,મકસુદભાઈ શાહ,ડો. ધરાબેન ત્રીવેદી, નયનભાઈ સાવધરીયા, કૌશરભાઈ કલ્યાણી સહીત રાણપુર આજુ-બાજુ ના ગામોમાંથી લોકો મોટી સંખ્યા માં હાજર રહ્યા હતા.આ કાર્યક્રમને સફળ બનાવવા સી.એસ. ગદાણી હાઈસ્કુલના પ્રમુખશ્રી સંજીવકુમાર ગદાણી,મંત્રી રાજીવકુમાર ગદાણી,ટ્રસ્ટી રેખાબેન ગદાણી તથા હાઈસ્કુલના સ્ટાફ દ્વારા ભારે જહેમત ઉઠાવવામાં આવી હતી.



વલસાડ જિલ્લાના કપરાડામાં ગમખ્વાર અકસ્માત

મોડી રાત્રે મકાન ધરાશાયી થતાં સાત વર્ષની બાળકીનું મોત

વલસાડ

વલસાડ જિલ્લાનાં કપરાડાનાં સવરટાટી ગામમાં એક ગમખ્વાર ઘટના બની ગઇ. અહીં મોડી રાત્રે બે વાગ્યા બાદ એક મકાન ધરાશાઇ થયુ હતું. આ ઘટનાથી આખા ગામમાં શોકનો માહોલ છે. કારણ કે ઘટનામાં એક ૭ વર્ષની બાળકીનું મોત થયુ છે.

મધરાત્રે બનેલી આ ઘટના સમયે પરિવાર આખો ઘરમાં સુતો હતો તે સમયે આખુ મકાન ધરાશાઇ થઇ ગયુ હતું મકાન ધરાશાઇ થતા પરિવારની ૭ વર્ષની બાળકીનું મોત થયુ છે. બાળકીનુ નામ અંજલિ બેન ગણેશ ભાઇ નાવતરા છે.

તેમજ પરિવારનાં બે સભ્યોને ભારે ઇજા પહોંચી છે. ઇજાગ્રસ્તનું નામ સાહિલ ગણેશ ભાઇ નાવતરા અને રમી બેન ગણેશ ભાઇ નાવતરાને ઇજા પહોંચી છે ઇજાગ્રસ્તોને કપરાડાંની સરકારી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

આજે રવિવાર હોવાથી તંત્ર દ્વારા હજુ સુધી કોઇ મદદ પહોંચી નથી. પણ સલવાવ સ્વામીનારાયણ ગુરૂકુળનાં સંતોએ પીડિત પરિવારની મુલાકાત લીધી અને જરૂરી સહાયની ખાતરી આપી છે.

રાજ્યમાં ગામડાનું ઉંચુ મતદાન ભાજપને ફળશે કે કોંગ્રેસને?: ચર્ચાએ જોર પકડ્યું

ગાંધીનગર

ગુજરાતમાં લોકસભાની ૨૬ બેઠકોની ચૂંટણીમાં આ વખતે શહેરો કરતા ગ્રામ્ય વિસ્તારોના મતદારોએ ઊંચું મતદાન કરતા ભાજપના નેતાઓએ હવે આ બેઠકોની નવેસરથી સમીક્ષા શરૂ કરી છે. રાજ્યની સાત જેટલી બેઠકો પર ગ્રામ્ય વિસ્તારના મતદારો હાર-જીતનો ફેંસલો કરે છે.

ગામડામાં પાણીની અછત, પાકવીમા, જમીન માપણી જેવા મુદ્દે ખેડૂતો, પશુપાલકોમાં પહેલાથી જ સરકાર સામે રોષ છે. ગત વિધાનસભા ચૂંટણીમાં પણ ગ્રામ્ય વિસ્તારના મતદારોએ ભાજપના ૧૫૦ બેઠકો મેળવવાના મિશનને તોડી પાડ્યું હતું અને કમળ ૧૦૦ બેઠકોની અંદર સીમટાઈ ગયું હતું. અમદાવાદ-ગાંધીનગરની ત્રણ, મહેસાણા, વડોદરા, ભરૂચ, સુરત, બારડોલી, નવસારી, વલસાડ, ભાવનગર, જામનગર, રાજકોટ એમ ૧૩ લોકસભા બેઠકોમાં સૌથી વધારે શહેરી, અર્ધ શહેરી મતદારો છે. જ્યારે બાકીની ૧૩ પૈકી ૭ લોકસભા બેઠકોમાં સૌથી વધુ ગ્રામ્ય મતદારો છે. કચ્છમાં ભુજ-ગાંધીધામ શહેરીક્ષેત્રમાં ૫૮ અને પ૩ ટકા મત પડ્યા છે. તેના કરતા સામે અબડાસા, માંડવી, અંજારમાં મતદાન વધ્યું છે. લોકસભામાં પાટીદારોના વર્ચસ્વવાળા મોરબી ૬૩ ટકા વોટ પડ્યા છે. મોરબીમાં વિધાનસભા બેઠક કૉંગ્રેસ પાસે છે જ્યારે બનાસકાંઠા લોકસભા બેઠકમાં પાલનપુર- ડીસા શહેરમાં સૌથી ઓછું મતદાન થયું છે. થરાદ, દિયોદર, ધાનેરા, દાંતા, વાવના ગામોમાં ઊંચું મતદાન થયું છે. થરાદને બાદ કરતા બાકીના પાંચેય વિધાનસભા મતક્ષેત્રો કૉંગ્રેસના છે. પાટણ બેઠકમાં ચાણસ્મા, પાટણ, સિદ્ધપુરના અર્ધ શહેરી ક્ષેત્રોમાં કરતા ગ્રામ્ય બુથોમાં મતદાન વધ્યુ છે. વડગામ, કાંકરેજ, રાધનપુરમાં ૬૨-૬૫ ટકા મતો પડ્યા છે. ચાણસ્મા અને ખેરાળુને બાદ કરતા બાકીની પાંચ વિધાનસભા બેઠકો કૉંગ્રેસ પાસે છે. એવી જ રીતે સાબરકાંઠા લોકસભા બેઠકમાં હિંમતનગર, ઈડર જેવા અર્ધ શહેરી મતક્ષેત્રો સામે ખેડબ્રહ્મા, ભિલોડા, બાયડ, પ્રાંતિજ જેવા આદિવાસી, ખેતી, પશુપાલન ક્ષેત્રે સકંળાયેલાં મતદારોનું ત્રણથી પાંચ ટકા મતદાન વધ્યું છે.

બોટાદ એલ.સી.બી.એ સેંથળી ગામેથી ભારતીય બનાવટના વિદેશી દારૂના જથ્થા સાથે એક શખ્સને પકડી પાડ્યો



બોટાદ જીલ્લા પોલીસ અધિક્ષક હર્ષદ મહેતાના માર્ગદર્શન હેઠળ ગુજરાત પ્રોહીબીશન એક્ટની કડક અમલવારી થાય તે અંગેની સુચના કરવામાં આવેલ હોય જે અંગે એલ.સી.બી. બોટાદના પોલીસ ઈન્સપેક્ટર એચ.આર. ગોસ્વામીની સુચના મુજબ એલ.સી.બી. ના હેડ.કોન્સ. રામદેવસિંહ દેવુભા મોરીને મળેલ ચોક્કસ બાતમી આધારે એલ.સી.બી. સ્ટાફના હેડ.કોન્સ. ભગવાનભાઈ શામળાભાઈ ખાંભલા, હેડ કોન્સ. લક્ષ્મણદેવસિંહ ચુડાસમા, પો.કો. બળદેવસિંહ ફતેસિંહ લીંબોલા,હેડ કોન્સ. વનરાજભાઈ વિશુભાઈ બોરીચા,તરૂણભાઈ દાદુભાઈ ખોડીયા, પો.કોન્સ. જયપાલસિંહ અનિરૂધ્ધસિંહ, પો.કોન્સ. બળદેવસિંહ ફતેસિંહ લીંબોલા એ બોટાદમાં રહેતા હિરેનભાઈ ગોવીદભાઈ પરમાર પોતાની સ્વીફ્ટ ડિઝાયર ગાડી નંબર જી.જ.૦૪.છઁ.૧૪૮૫ માં અલગ અલગ બ્રાન્ડની ભારતીય બનાવટના વિદેશી દારૂની બોટલો લઈને બરવાળા થી બોટાદ તરફ આવતા હોય તેને સેંથળી ગામે પકડી પાડી ભારતીય બનાવટના વિદેશી દારૂ ની ૭૫૦ એમ.એલ.ની બોટલો નંગ-૩૨ કિ.રૂ.૨૬,૩૪૦ તથા સ્વિફ્ટ ડિઝાયર ગાડી કિ.રૂ. ૨,૫૦,૦૦૦ તથા એક મોબાઈલ કિ.રૂ.૧૦૦૦ તથા રોકડ રૂ. ૭૮૦ કુલ ૨,૭૮,૧૨૦ ના મુદ્દામાલ સાથે પકડી પાડી આરોપીની વિરૂધ્ધમાં બોટાદ પો.સ્ટે. ખાતે ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

શ્રીલંકા બ્લાસ્ટનો પ્લાન બે વર્ષ અગાઉ ઘડવામાં આવ્યો હતો

શ્રીલંકા શ્રેણીબદ્ધ બોમ્બ ધડકાના હેન્ડલરનું નીકળ્યું ગુજરાત કનેક્શન..!!

ગુજરાત એટીએસએ દોઢ વર્ષ પહેલા કાસિમ-આદિલની ધરપકડ કરી હતી,બંન્નેની પૂછપરછમાં થયો ખુલાસો

ન્યુ દિલ્હી

શ્રીલંકામાં થયેલા શ્રેણીબદ્ધ આત્મઘાતી હુમલાના તાર ગુજરાત સાથે પણ જોડાયેલા હોવાનું સામે આવ્યું છે. ગુજરાત એટીએસના હાથે ઝડપાયેલા હેન્ડલરની પૂછપરછમાં ખુલાસો સનસનાટીપૂર્ણ ખુલાસો થયો છે. શ્રીલંકામાં થયેલા બ્લાસ્ટનો પ્લાન બે વર્ષ અગાઉથી ઘડવામાં આવ્યો હતો. જેમાં ગુજરાતમાંથી ઝડપાયેલા આઈએસઆઈએસના બે આતંકવાદીઓ પણ શામેલ હોવાનું જાણવા મળ્યું હતું. ભારતીય ગુપ્તચર એજન્સીઓ આ માહિતી શ્રીલંકાને પણ આપી હતી. તેવી જ રીતે ગુજરાત એટીએસએ પણ શ્રીલંકાને આ માહિતી આપી હતી.

ગુજરાત એટીએસના હાથે આજથી દોઢ વર્ષ પહેલા કાસિમ સ્ટિમરવાલા અને આદિલ નામના બે આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી. કાશીમ ટીમ્બરવાલા અંકલેશ્વરથી ઝડપાયો હતો. જયારે આદિલ સોશિયલ મીડિયામાં ઘણો સક્રિય હતો અને તે પોતાની નીચે કેડર તૈયાર કરી રહ્યો હતો. આ બંને ખુંખાર ત્રાસવાદી સંગઠન ISISના સંપર્કમાં હોવાનું ગુજરાત ATSની પુછપરછમાં સામે આવ્યું હતું. બંને ભારત જ નહીં પરંતુ શ્રીલંકામાં પણ ટીમ બનાવી રહ્યા હતા. તેમની ચેટ પણ ગુજારાત એટીએસને હાથ લાગી હતી. જેમાં શ્રીલંકામાં શ્રેણીબદ્ધ હુમલાની વાત કરવામાં આવી હતી. શ્રીલંકામાં બોમ્બ ધડાકા કરવામાં આવેલા બોમ્બ ધડકાડાનું ષડયંત્ર બે વર્ષ અગાઉથી ઘડવામાં આવ્યું હતું. આ વાતનો ઉલ્લેખ આઈએસઆઈએસના બે હેન્ડલર વચ્ચે થયેલી વાતચીતમાં છે. આ વાત સામે આવતા જ ગુજરાત ATSએ શ્રીલંકાને આ બાબતની જાણ કરી હતી.

બસમાં ૪૦ યાત્રિકો સવાર હતા, ૨૬ લોકો ઘાયલ

પઠાણકોટથી ડેલહાઉસી જઈ રહેલી બસ ૨૫૦ ફૂટ ઊંડી ખીણમાં ખાબકી, ૧૨નાં મોત

ધર્મશાળા

પઠાનકોટથી ડેલહાઉસી જતી એક ખાનગી બસ નૈનીખડની પાસે પંજપુલામાં લગભગ ૨૫૦ ફુટ ઊંડી ખીણમાં ખાબકી હતી. અકસ્માતને કારણે ૧૨ યાત્રિકોના મોત નિપજ્યા છે, ૨૬ લોકો ઘાયલ થયા છે. જેમાંથી કેટલાંકની સ્થિતિ ગંભીર છે. મળતી માહિતી મુજબ બસમાં લગભગ ૪૦ યાત્રિકો સવાર હતા. દુર્ઘટનાની માહિતી મળ્યાં બાદ રહેવાસીઓએ પોલીસ અને આર્મીની મદદથી રાહત-બચાવ કાર્ય શરુ કર્યું હતું.

પોલીસના જણાવ્યા મુજબ બસમાં સવાર સાત લોકોના ઘટના સ્થળે જ મોત નિપજ્યા હતા. જ્યારે પાંચ લોકોએ ડેલહાઉસી અને બનીખેતની હોસ્પિટલમાં સારવાર દરમિયાન જીવ ગુમાવ્યાં.

એસપી ચંબા ડો. મોનિકાએ જણાવ્યું કે અંધારું થવાને કારણે બચાવ કાર્યમાં મુશ્કેલી આવી હતી. ઘાયલોને નજીકની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યાં છે. પોલીસના જણાવ્યા મુજબ આ બસ પઠાનકોટથી લગભગ ૪-૩૦ વાગ્યે ડેલહાઉસી જવા રવાના થઈ હતી.

મુખ્યમંત્રી જયરામ ઠાકુરે દુર્ઘટના પર દુ:ખ વ્યક્ત કરતાં સ્થાનિક તંત્રને તાત્કાલિક રાહત અભિયાન શરૂ કરવા અને દુર્ઘટના પીડિતોને દરેક સંભવ સહાયતા પહોંચાડવાના નિર્દેશ આપ્યાં છે. સીએમએ કહ્યું કે રાજ્ય સરકાર દુ:ખના આ સમયમાં દુર્ઘટનાગ્રસ્ત પરિવારની સાથે છે. નોંધનીય છે કે પહેલા પણ જાન્યુઆરી મહિનામાં પણ હિમાચલ પ્રદેશમાં એક સ્કૂલ બસ ખાઈમાં ખાબકી હતી. આ અકસ્માત સિરમૌર જિલ્લાના ખડકોલીની નજીક થયું હતું. જેમાં છ શાળા બાળકો સહિત ૭ લોકો મૃત્યુ પામ્યા હતા.

વોટ કરો અને વિમાનમાં ગોવા જાઓ, બે દિવસ ત્રણ રાત્રિનું પેકેજ

લોટરી દ્વારા બે ભાગ્યશાળી મતદાતાઓની પસંદગી કરાશે,પેકેજ સાથે ગોવામાં હરવા-ફરવાનો ખર્ચ પણ પ્રશાસન ઉઠાવશે

રાંચી

લોકસભા ચૂંટણીમાં મતદાન અવશ્ય કરજો નહી તો ગોવા ટૂરથી વંચિત રહેશો. આ વખતની ચૂંટણીમાં મતદાન વધારવા માટે ચતરા જિલ્લા પ્રશાસને આ આકર્ષક ઓફર ખુલ્લી મૂકી છે. ચતરો જિલ્લો ઝારખંડનો મહત્વનો જિલ્લો છે, તથા તેની આ જાહેરાત પછી ભારતનો પહેલો જિલ્લો બની ગયો છે જેમાં મતદાતાઓને આકર્ષક કરવા માટે ગોવા ટૂરનો પ્લાન બનાવવામાં આવ્યો છે. ખાસ વાત એ છ કે, આ ટૂરમાં ટ્રાવેલિંગ વિમાનમાં થશે. ગોવા ટૂરની જાણકારી આપતા જિલ્લા ચૂંટણી અધિકારી જિતેન્દ્ર સિંહે જણાવ્યું કે, જિલ્લામાં મહત્તમ મતદાન કરાવવાના હેતુસર પ્રશાસને મતદાતાઓ માટે ગોવા ટૂરની ઓફર બહાર પાડી છે. માહિતી મુજબ મતદાન કરનાર લોકોમાંથી બે મતદારોની પસંદગી લોટરી દ્વારા કરવામાં આવશે. લોટરીની વિધિ ૨૯ એપ્રિલે મતદાન સંપૂર્ણ થયા પછી મેના પહેલા અઠવાડિયામાં યોજાશે અને ગોવા ટૂરની તારીખ એ પછી નક્કી થશે. ગોવા ટૂરની ઓફર હેઠળ લોટરીમાં પસંદ કરાયેલ બે મતદાતાઓને અવર-જવર માટે એર ટિકિટ અપાશે, તેમજ ગોવાની હોટલમાં બે દિવસ અને ત્રણ રાત્રિનું પેકેજ મળશે. આ સિવાય ગોવામાં હરવા-ફરવા માટેનો સંપૂર્ણ ખર્ચ જિલ્લા પ્રશાસન દ્વારા ઉઠાવવામાં આવશે.

હળવદ મહર્ષિ ગુરુકુળ ખાતે 'પરવરિશ' એક નઈ સોચ સેમિનાર યોજાયો





વ્યસ્ત જીવનમાં થોડા ઊભા રહીને ચાલો બાળક ને સમજી એ ખરેખર બાળકની 'પરવરિશ' કેવી રીતે કરવી તે બાબતનો ભવ્ય સેમિનાર યોજાયો.

હળવદમાં શિક્ષણ હબ તરીકે ગણાતુ મહર્ષિ ગુરુકુળ હંમેશા કંઈક નવું કરવા માટે અગેરેસર છે ત્યારે મારા સ્વપ્નો મારા અનુમાન કરનાર મારા બાળકોને શૈક્ષણિક સામાજિક અને સંસ્કારી કેવી રીતે બનાવવા? સ્પર્ધાત્મક યુગમાં ઉચ્ચ અભ્યાસ પરીક્ષામાં બાળક આગળ નીકળી શકે તેનું સોલ્યુશન તેમજ બાળકોની બૌદ્ધિક ક્ષમતા વધારવા શું કરવું જોઈએ બાળકો સાથે કેવો વાર્તાલાપ કરવો જે તેમજ ભવિષ્યમાં સંતાનનો અભ્યાસ માટે વિવિધ આયોજન અને તેના સોલ્યુશન માટે ×પરવરિશ× એક નઈ સોચ સેમીનારનુઆયોજન કરાયુ,

આ સેમિનાર સ્પીકર કુશકુલ ક્ષેષ્ટ અને સપના તમરાકર મેડમ સ્પીકરે સ્પીચ આપી હતી પરવરિશ સેમિનારમાં જે બાળકો અભ્યાસ કરે છે જે બાળકોના અભ્યાસ માટે આપ આયોજન કરી રહ્યા છો અને જે સંતાનો ભવિષ્યમાં આવનાર છે તેનો ઉછેર કેવી રીતે કરવો તેવું સોલ્યુશન ×પરવરિશ× સેમીનારમાં કહી આપના આંગણામાં ખેલતુ કૂદતું બાળક તેને શૈક્ષણિક ઉછેર કેવી રીતે કરશો આજના દૂષિત વાતાવરણમાં કેવી રીતે અભ્યાસ કરાવો તેમાં માતા પિતાની શું ભૂમિકા તેવા અનેક પ્રશ્નો ઉકેલ પરવરિશ સેમિનારમાં સમજાવવામાં આવ્યું મહર્ષિ ગુરુકુળ માં આ એક અનોખો સેમિનાર યોજાઈ ગયો જેમાં મોટી સંખ્યામાં મહર્ષિ ગુરુકુળ ના ટ્રસ્ટીઓ શિક્ષકગણ,વિદ્યાર્થીઓ, વાલીગણ બહુ મોટી સંખ્યામાં ઉપ સ્થિત રહયા હતા, અક્રમમાં મહર્ષિ ગુરુકુલ એમડી રજનીભાઈ સંઘાણી દિલીપભાઈ, અશોકભાઈ ગેલોત રાજુભાઈ ચનિયારા રાકેશ સર કલ્પેશ સર તથા સ્ટાફ એ કાર્યક્રમને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી હતી.

યૂપીની ૧૩,રાજસ્થાન,૧૩,મ.પ્રદેશ ૬,પ.બંગાળની આઠ બેઠકોનો સમાવેશ

આજે ૯ રાજ્યોની ૭૧ બેઠક પર મતદાનઃ સૌથી વધુ મહારાષ્ટ્રની ૧૭

સલમાન ખુર્શીદ,ડિમ્પલ યાદવ,કનૈયા કુમાર,સાક્ષી મહારાજ,ઉપેન્દ્ર કુશવાહ સહિતના દિગ્ગજ નેતાઓનું ભાવિ ઈવીએમમાં કેદ થશે, કુલ ૯૪૩ ઉમેદવારો મેદાનમાં

ન્યુ દિલ્હી

લોકસભા ચૂંટણી-૨૦૧૯ના ચોથા તબક્કા માટેનું આજે મતદાન યોજાશે. આ તબક્કામાં ૯ રાજ્યોની ૭૧ બેઠક પર મતદાન કરવામાં આવશે. આ તબક્કામાં મહારાષ્ટ્રની ૧૭, ઉત્તરપ્રદેશની ૧૩, રાજસ્થાનની ૧૩ બેઠક પર મતદાન હાથ ધરવામાં આવશે. આ સિવાય મધ્યપ્રદેશની ૬, પશ્ચિમ બંગાળની ૮, બિહારની ૫, કાશ્મીરની ૧ અને ઝારખંડની ૩ બેઠક પર મતદાન કરવામાં આવશે. જેમા ૯૪૩ ઉમેદવારોના ભાવિ ઈવીએમમાં સીલ થવાના છે.

લોકસભાની ચૂંટણીનો પ્રચાર અને પ્રસાર આજે સાંજે ૬ કલાકથી શાંત પડી જશે. જેનું મતદાન ૨૯ એપ્રિલના રોજ યોજાશે. જેમાં ઉત્તર પ્રદેશની ૧૩ બેઠક પર મતદાન કરવામાં આવશે, તેમાં ઈટાવા, કન્નૌજ, ઉન્નાવ, કાનપુર, ઝાંસી અને હમીરપુર બેઠક સામેલ છે. બિહારમાં દરભંગા, બેગૂસરાય, મુંગેર, સમસ્તીપુર, ઉજિયારપુર બેઠક પર મતદાન કરવામાં આવશે. આ ઉપરાંત પાંચમાં તબક્કા માટે છ મે ના રોજ મતદાન કરવામાં આવશે. આ ઉપરાંત છઠ્ઠા અને સાતમાં તબક્કા માટે ૧૨ અને ૧૯ મે ના રોજ મતદાન કરવામાં આવશે. જેની ૨૩ મે ના રોજ મતગણતરી હાથ ધરાશે. આ તબક્કામાં કોંગ્રેસ નેતા સલમાન ખુર્શીદ, સપા નેતા ડિમ્પલ યાદવ, ભાજપ નેતા સાક્ષી મહારાજ, ગિરિરાજસિંહ, સીપીઆઈના ઉમેદવાર કનૈયા કુમાર, આરએલએસપી નેતા ઉપેન્દ્ર કુશવાહ અને સૌથી ધનવાન ઉમેદવાર અને કમલનાથના પુત્ર નકુલ નાથનું ભાવિ ઈવીએમમાં સીલ થશે. આ તબક્કો એનડીએ માટે જ મહત્વપૂર્ણ છે. કેમકે ચોથા તબક્કામાં જે ૭૧ બેઠકો પર મતદાન થવાનું છે તે પૈકી ૫૬ બેઠકો એનડીએ પાસે છે. ચોથા તબક્કાની જે ૭૧ સીટ પર મતદાન થવાનું છે તેમાં ૨૦૧૪ની લોકસભા ચૂંટણીના પરિણામોને જોઈએ તો બીજેપીએ અહીં વિપક્ષના સુપડા સાફ કરી દીધા હતા. ૭૧માંથી બીજેપીને સ્વતંત્ર રીતે ૪૫ સીટ જીતવામાં સફળતા મળી હતી. જ્યારે બીજેપીને તેમના સહયોગી દળ એટલે કે દ્વ્રછની સાથે કુલ ૫૬ સીટ જીતવામાં સફળતા મળી હતી.

હવે સરહદ પાર કર્યા વગર એર સ્ટ્રાઈક થશેઃ આગામી સપ્તાહે બ્રહ્મોસનું પરીક્ષણ

ન્યુ દિલ્હી

ડીઆરડીઓ દ્વારા વિકસિત બ્રહમોસ મિસાઈલનું આ પરીક્ષણ આવનારા થોડાંક દિવસોમાં સુખોઈ લડાકુ વિમાનથી થઈ શકે છે. ભારતીય વાયુસેનાના સૂત્રો એ કહ્યું કે એરફોર્સની યોજના છે કે ૪૦ સુખોઈ-30MKI લડાકુ વિમાનોમાં બ્રહ્મોસ મિસાઈલ ફિટ કરવામાં આવે, જેથી કરીને જરૂર પડવા પર લાંબા અંતરથી જ તેનો ઉપયોગ દુશ્મનની વિરૂદ્ધ કરી શકાય. ભારતીય વાયુસેના અને ડીઆરડીઓ આવતા સપ્તાહે બ્રહ્મોસ સુપરસોનિક ક્રૂઝ મિસાઈલની હવાથી લોન્ચ કરનાર વર્ઝનનું પરીક્ષણ કરવાની યોજના બનાવી રહ્યાં છે. આ મિસાઈલનું સફળ પરીક્ષણ કર્યા બાદ ભારત બાલાકોટ જેવા એર સ્ટ્રાઈક દેશમાં બનેલા હથિયારોની મદદથી જ કરવામાં સક્ષમ થઈ જશે. પાકિસ્તાનના બાલાકોટમાં હાલના આતંકી સંગઠન જૈશ-એ-મોહમ્મદના ઠેકાણા પર સ્ટ્રાઈક માટે ભારતે ઈઝરાયલમાં બનેલા સ્પાઈસ-૨૦૦૦ બોમ્બનો ઉપયોગ કર્યો હતો. તેને મિરાઝ ફાઈટર પ્લેનથી તોડી પાડ્યા હતા. વાયુસેનાના સૂત્રો એ કહ્યું કે ૨૯૦ કિલોમીટર સુધી માર કરી શકવાનામાં સક્ષમ બ્રહ્મોસ મિસાઈલના એર વર્ઝનનો ઝડપથી વિકાસ કરવા માટે વાયુસેના પૂરી કોશિષ કરી રહ્યું છે. આ મિસાઈલ જમીન પર હાલ ટાર્ગેટને ધ્વસ્ત કરી શકશે. બાલાકોટમાં વાયુસેના એ આવી જ એર સ્ટ્રાઈક કરી હતી. આ મિસાઈલનો ઉપયોગ શરૂ થયા બાદ વિમાનોને દુશ્મનની સરહદમાં જવાની જરૂર પણ પડશે નહીં.

સદ્‌ગુરૂઓનો સંગ જીવનનો રંગ બદલી નાખે છે : પદ્મદર્શન મહારાજ

શીતલનાથ જૈન મંદિરમાં પૂ.પંન્યાસ પ્રવરનું પ્રવચન

સુરત

ધુલિયા જિલ્લા સ્થિત અમલનેરના પ્લોટ ખાતે આવેલા શીતલનાથ જૈન મંદિરના આરાધના ભવનમાં પૂજ્ય પંન્યાસપ્રવર શ્રી પદ્મદર્શન વિજયજી મહારાજ અને પૂ.મુનિ શ્રી પ્રીતદર્શનવિજયજીની પાવન પધરામણી થતા શ્રી સંઘમાં હર્ષોલ્લાસભર્યું વાતાવરણ જામ્યું હતું.

આ પુનિત પ્રસંગે યોજાયેલી ધર્મસભામાં પૂ.પંન્યાસશ્રી પદ્મદર્શનજી મહારાજે જણાવ્યું હતું કે, સદ્‌ગુરૂનો સંગ જીવનનો રંગ બદલી નાંખે છે. ઉન્માર્ગથી સન્માર્ગ તરફ લઈ જવાનું કાર્ય સદ્‌ગુરૂનું છે. કરોડો ભવનાં પાપ, તાપ અને સંતાપમાંથી સદ્‌ગુરૂ આપણને મુક્ત કરે છે. સમગ્ર જીવન દરમ્યાન ૬૬ કરોડ નવકાર મહામંત્રનું સ્મરણ કરનાર ઈનિવાસના સુવર્ણ પૃષ્ઠ ઉપર જેમનું નામ અંકિત થયું છે અને સૂરિપ્રેમના પટ્ટાલંકાર ખાનદેશોદ્ધારક અને મહારાષ્ટ્ર કેશરી પૂ.આ.શ્રી યશોદેવસૂરિજી મહારાજે આ ધરતીની પ્રજા ઉપર સંસ્કારોનું સિંચન કર્યું હતું. આજે પણ ધુલિયા, નાસિક, નંદુરબાર અને જલગાંવ જિલ્લાના ભાવુકો જેમનું નામ સ્મરણ કરતાં રડી પડે છે. ખાનદેશની પ્રજાને પ્રભુમય બનાવવાનું કામ પૂ. આ.શ્રી યશોદેવસૂરિજી મહારાજે કર્યું હતું. તેઓ પૂ.આ.શ્રી રામચંદ્રસૂરિજી મહારાજના શિષ્ય હતા છતાં પણ જીવનભર માટે પૂ. સિદ્ધાન્તમહોદધિ આ.દેવશ્રી પ્રેમ સૂરીશ્વરજી મહારાજના સાનિધ્યમાં જ સદા માટે રહ્યા હતા.

પો.કમિશનરના અધ્યક્ષ સ્થાને રોડ સેફ્ટી કાઉન્સિલની મીટિંગ યોજાઈ

શહેરના જે માર્ગો પર અવાર નવાર અકસ્માત સર્જાતા હોય તેવા વધુ બ્લેક સ્પોટને આઈડેન્ટિફાય કરાશે

સુરત

સુરત શહેર રોડ એન્ડ સેફટી કાઉન્સીલની બેઠક પોલીસ કમિશનરશ્રી સતીષ શર્માના અધ્યક્ષસ્થાને પોલીસ કમિશનર કચેરીના સભાખંડમાં યોજાઈ હતી.

રાજ્યભરમાં અકસ્માતોનું પ્રમાણ ઘટે તથા લોકોની અમુલ્ય જિંદગીની સલામતી જળવાય તેવા આશયથી સરકાર દ્વારા જિલ્લા-મહાનગરોમાં રોડ સેફટી કાઉન્સીલની રચના કરવામાં આવી છે. જે અન્વયે યોજાયેલી બેઠકમાં પોલિસ કમિશનરશ્રી સતિષ શર્માએ જણાવ્યું હતું કે, શહેરના માર્ગો પર જે સ્થળે અવારનવાર અકસ્માત થતાં લોકોના જીવ ગુમાવવાનો વખત આવે છે, એવા બ્લેક સ્પોટને આઇડેન્ટિફાય કરી અકસ્માત નિવારવા માટેની સુવ્યવસ્થિત કાર્યવાહી કરવામાં આવશે. જે અંગે સ્પીડ બ્રેકર મૂકવા, રોડ પહોળા કરવા, સર્કલ બનાવવાં, હોર્ડિંગ હટાવવા તેમજ વાહનચાલકો પાસે ટ્રાફિકના નિયમોનું પાલન કરાવવા જેવાં પગલા લેવામાં આવશે. માર્ગ અકસ્માતોના કારણોનું વિશ્લેષણ કરી અકસ્માતોનું પ્રમાણ ઘટાડવાના પ્રયાસો કરવામાં આવશે.

બેઠકમાં સૂરત શહેરમાં ટ્રાફિક, વાહનવ્યવહાર અને માર્ગ અકસ્માતોની સમસ્યાને નિવારી શકાય, લોકો ટ્રાફિકના નીતિ-નિયમોનું પાલન કરે, રોડ પર દબાણ કરનારા સામે દંડનીય કાર્યવાહી થાય, શહેરીજનો દ્વારા ટ્રાફિક નિયમોનું પાલન અને જનજાગૃતિ વિષયક સંબંધિત અધિકારીઓ સાથે વિસ્તૃત ચર્ચા વિચારણા કરી હતી.

આર.ટી.ઓશ્રી પાર્થ જોષીએ શહેરની શાળા-કોલેજોમાં ટ્રાફિકની જાગૃતિ માટેના કાર્યક્રમો, શોર્ટ ફિલ્મો, સેમિનારના આયોજનની વિગતો રજૂ કરી હતી.

બેઠકમાં, ડી.સી.પી. (ટ્રાફિક)શ્રી સુધીર દેસાઈ, મદદનીશ પોલીસ કમિશનરશ્રી બી.એન.દવે, સુરત મ.ન.પા., હાઈવે, એસ.ટી. વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

બ્રિટનથી કોહિનૂર પરત લાવવાનો આદેશ પસાર ન કરી શકીએઃ સુપ્રીમ કોર્ટ

ન્યુ દિલ્હી

સુપ્રીમ કોર્ટે કોહિનૂને પરત લાવવા સંબંધી પિટિશન પર આપેલા પોતાના જૂના નિર્ણયની સમીક્ષા સંબંધી પિટિશન પર સુનાવણી કરવાનો ઈક્કાર કરી દીધો. ચીફ જસ્ટિસ ઓફ ઈન્ડિયા રંજન ગોગોઈની અધ્યક્ષતાવાળી પાંચ જજોની બેન્ચને કોઈ આધાર ન મળ્યો જે હેઠળ ભૂતકાળમાં આપવામાં આવેલા આદેશની સમીક્ષા કરી શકાય. બેન્ચે ક્યૂરેટિવ પિટિશન ફગાવતાં કહ્યું કે તેમાં કોઈ મેરિટ નથી અને પિટિશનકર્તા આ સંબંધમાં કોઈ યોગ્ય કારણ નથી જણાવી શક્યા કે કેમ આ મામલાની સુનાવણી કરવામાં આવે. બેન્ચે પોતાના હાલના આદેશમાં કહ્યું કે, અમે ક્યૂરેટિવ પિટિશનની સાથે આપવામાં આવેલા દસ્તાવેજ જોયા. અમારા મતે રૂપા અશોક હુર્રા વિરુદ્ધ અશોક હુર્રા અને અનય મામલામાં નિયત માનકો હેઠળ કોઈ મામલો નથી બનતો. એવામાં આ ક્યૂરિટિવ પિટિશન ફગાવવામાં આવે છે. પાંચ જજોની બેન્ચમાં જસ્ટિસ એસએ બોબડે, જસ્ટિસ એન રમન્ના, જસ્ટિસ ડીવાય ચંદ્રચૂડ અને જસ્ટિસ એકકે કૌલ સામેલ હતા. આ પહેલા કોર્ટે એનજીઓ, ઓલ ઈન્ડિયા હ્યૂમન રાઈટ્સ એન્ડ સોશિયલ જસ્ટિસ ફ્રન્ટ તરફથી દાખલ પિટિશન પર સુનાવણી કરી હતી. તે સમયે કોર્ટે કહ્યું હતું કે, કોહિનૂર હીરાની સાથે શું કરવાનું છે, તે આ સંબંધમાં બ્રિટેનને આદેશ ન આપી શકે. કોર્ટે પૂછ્યું કે બે દેશોની વચ્ચે સંબંધો સાથે કોઈ પિટિશન, જે તેના ન્યાયાધિકારમાં નથી તે સુપ્રીમ કોર્ટ સુધી કેમ પહોંચી જાય છે.

એસઆરઆઈસીટીની કેમકલ બ્રાન્ચને એનબીએનું એક્રેડીએશન

સુરત

શ્રોફ એસ.આર.રોટરી ઈન્સ્ટીટ્યુટ ઓફ કેમિકલ ટેક્નોલોજીની કેમિકલ એન્જિનિયરિંગ શાખાને નેશનલ બોર્ડ ઓફ એક્રીડીએશન દ્વારા એક્રીડીએશન મળ્યું છે. જેનાથી સંસ્થામાં કેમિકલ એન્જિનિયરિંગમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને દુનિયાના વિકસિત દેશો જેવા કે અમેરિકા, કેનેડા, બ્રિટેન, ફ્રાંસ, જર્મની, ઓસ્ટ્રેલિયા, ન્યૂઝીલેન્ડ વગેરે દેશોમાં જોબ તથા અભ્યાસ માટે સમાન તક મળી રહેશે. નેશનલ બોર્ડ ઓફ એક્રીડીટીએશનની ટીમ દ્વારા તા.૬ અને ૭મી એપ્રિલના રોજ ઈન્સ્પેક્શન હાથ ધરવામાં આવ્યું હતું અને આજ રોજ સંસ્થાને એનબીએ દ્વારા માહિતી આપવામાં આવી હતી.

ગુજરાત રાજ્યમાં કેમિકલ એન્જિનિયરિંગનો અભ્યાસક્રમ ચલાવતી માત્ર એસઆરઆઈસીટી અને નિરમા યુનિવર્સિટીને એનબીએ દ્વારા એક્રીડીએશન મળેલ છે. સંસ્થા દ્વારા એન્વાયરમેન્ટલ સાયંસ એન્ડ ટેક્નોલોજી, કેમિકલ ટેક્નોલોજી, મિકેનિકલ અને ઈલેક્ટ્રીકલ એન્જિનિયરિંગ અભ્યાસક્રમને પણ આગામી ત્રણ વર્ષમાં એનબીએ દ્વારા એક્રીડીએશન મળે તે દિશામાં પ્રયત્ન શરૂ કરી દીધા છે. નેશનલ બોર્ડ ઓફ એક્રીડીએશન દ્વારા કેમિકલ એન્જિનિયરિંગ શાખાને એક્રીડીએશન મળવાથી સંસ્થામાં કાર્ય કરતા અધ્યાપકગણ, કર્મચારીગણ, વિદ્યાર્થીઓ અને વ્યવસ્થાપક મંડળમાં આનંદની લાગણી જોવા મળી હતી.

તંત્રી સ્થાનેથી...

વાતાવરણ અને વિકાસ

ગ્લોબલ વોર્મિંગના કારણે જળવાયુ પરિવર્તનના લીધે સામાજિક અને આર્થિક વિકાસ પર ઘેરી અસર થઈ રહી છે. છેલ્લી અડધી સદીમાં તેના કારણે અમીર દેશ વધારે અમીર અને ગરીબ દેશ વધારે ગરીબ થઈ ગયા છે. ભારતીય અર્થવ્યવસ્થાને પણ આના કારણે ૩૧ ટકાનુ નુકસાન થયુ છે. એટલે કે ગ્લોબલ વોર્મિંગની નકારાત્મક અસર ન થઈ હોત તો અમારુ અર્થતંત્ર આજે જે છે તેના કરતા એક તૃતિયાશ વધારે મજબુત રહ્યુ હોત. સ્પષ્ટપણે કહી શકાય છે કે અમને વાતાવરણનુ સંતુલન બગાડી દેવા માટેની કિંમત ચુકવવી પડી રહી છે. આ ફેરફારનુ માળખુ સ્ટેન્ફોર્ડ યુનિવર્સિટીના શોધ કરનાર લોકો દ્વારા તેમની સામે રજૂ કર્યુ છે. આ રિપોર્ટના તારણ પ્રકાશિત પણ કરવામાં આવ્યા છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે સુદાનને ૩૬ ટકા, નાઈજિરિયાને ૨૯ ટકા, ઈન્ડોનેશિયાને ૨૭ટકા, બ્રાઝિલને ૨૫ ટકા સુધીનુ નુકસાન થયુ છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે વર્ષ ૧૯૬૧ની લઈને ૨૦૧૦ વચ્ચેના ગાળામાં જુદા જુદા દેશો વચ્ચે જન્મેલી કુલ આર્થિક અસમાનતાના એક ચુતુર્થાંશ હિસ્સા માટે માનવ ગતિવિધીઓના કારણે થઈ રહેલી ગ્લોબલ વોર્મિંગ છે. આ અભ્યાસમાં એક બાજુ જોવામાં આવ્યુ છે કે જળવાયુ પરિવર્તનના કારણે ક્યા દેશનુ તાપમાન કેટલુ વધી ગયુ છે. ત્યારબાદ એવુ મુલ્યાંકન કરવામાં આવ્યુ હતુ કે જો આવુ રહ્યુ ન હોત તો આર્થિક ઉત્પાદન કેટલુ રહ્યુ હોત. આવી રીતે છેલ્લા ૫૦ વર્ષના ગાળામાં ૧૬૫ દેશોના વધતા તાપમાન અને જીડીપીના સંબંધ વચ્ચે હિસાબ કરવામાં આવ્યા હતા. રસપ્રદ બાબત એ રહી છે કે ગ્લોબલ વોર્મિંગના કારણે જે દેશોનુ તાપમાન વધી ગયુ છે તેને આનો લાભ પણ થયો છે. જેમ કે નોર્વેની વાત કરવામાં આવે તો નોર્વેમાં તાપમાન વધીને માનક તાપમાન સુધી પહોંચી ગયુ છે. જેના કારણે તેના ગ્રોથ રેટમાં વધારો થયો છે. જ્યારે આની બિલકુલ વિરુદ્ધમાં ભારત જેવા દેશોને નુકસાન થયુ છે. ભારતને ભારે આર્થિક નુકસાન થયુ છે. વધતી જતી ગ્લોબલ વોર્મિંગના કારણે જૈવિક વિવિધતા પર સૌથી માઠી અસર કરી છે. આશરે ૧૦ લાખ જેટલી પ્રજાતિ વિલુપ્ત થવાના આરે પહોંચી ગઈ છે. શુદ્ધ હવા, શુદ્ધ પીવાનુ પાણી, કાર્બન ડાયોક્સાઈડ શોષિત કરનાર વન્ય વિસ્તારો નાશ પામી રહ્યા છે. પ્રોટીનથી ભરપુર માછળી અને તોફાન રોકવામાં ઉપયોગી મેંગ્રોવ્સની કમીના કારણે તેમના જીવન પર અસર થઈ છે. આ બાબત સંયુક્ત રાષ્ટ્રના રિપોર્ટમાં કરવામાં આવી છે. ૧૩૦ દેશોના પ્રતિનિધી આજથી પેરિસમાં શરૂ થયેલી બેઠકમાં ભાગ લઈ રહ્યા છે. ૨૯મી એપ્રિલથી પેરિસમાં શરૂ થયેલી બેઠકમાં વિશ્વ સમક્ષ રહેલા તમામ પાસા પર ચર્ચા કરવામાં આવનાર છે. આ બેઠક કુબ ઉપયોગી છે. ભોજન અને ઉર્જાનો ઉપયોગ હાલના સમયમાં અમે જે રીતે કરી રહ્યા છીએ તેના કારણે કુદરતને ભારે નુકસાન થઈ રહ્યુ છે. જંગલોની કાપણી થઈ રહી છે. સમગ્ર દુનિયા સાથે આવે તો જ આ ગંભીર સમસ્યાને રોકી શકાય છે. આજે જ્યારે અમેરિકા જેવા દેશો તેમની જવાબદારીથી ભાગી રહ્યા છે ત્યારે હાલાત બેકાબુ બની જાય તે પહેલા તો હવે પ્રાર્થના જ કરી શકાય છે.

જળવાયુ પરિવર્તનના પરિણામે દુનિયાના આર્થિક અને સમાજિક વિકાસ પર અસર

સરકારના કાર્યક્રમ હેઠળ જન્મથી ૧૫ વર્ષ સુધીના બાળકોને વેક્સીન

વેક્સીન : બિમારીઓ સામે સુરક્ષા છત્ર

વેક્સીન અથવા તો ઈન્જેક્શન અનેક બિમારીઓની સામે લડવામાં મદદરૂપ થાય છે. અલબત્ત કેટલીક વેક્સીનને લઈને હમેંશા પ્રશ્નો થતા રહ્યા છે. આ વેક્સીન લગાવવી જોઈએ કે કેમ તેને લઈને પ્રશ્નો થતા રહે છે. કેટલીક વેક્સીનને લઈને કેટલીક વખત રિએક્શનના સમાચાર પણ આવતા રહે છે જેથી આને લઈને ચર્ચા પણ થાય છે. ખુબ ઓછા લોકો અને ખાસ કરીને ગ્રામીણ વિસ્તારોમાં રહેતા લોકો આ બાબતને વાકેફ નથી કે દેશભરમાં યુનિવર્સલ ઈમ્યુનાઈઝેશન પ્રોગ્રામ હેઠળ જન્મથી લઈને ૧૫ વર્ષની વયના બાળકો અને ગર્ભવતિ મહિલાઓને અલગ અલગ બિમારીથી બચવા માટે વેક્સીન અથવા તો ઈન્જેક્શન લગાવવામાં આવે છે. આ રસી જુદી જુદી બિમારીની સામે રક્ષણ આપે છે. સરકારી હોસ્પિટલમાં તો આ રસી અને વેક્સીન ફ્રીમાં મુકવામાં આવે છે. વેક્સીન પ્રાઈવેટ હોસ્પિટલમાં પણ ઉપલબ્ધ રહે છે. સામાન્ય રીતે આ પ્રોગ્રામ ઉપરાંત પણ તબીબો કેટલીક એવી વેક્સીન લગાવવા માટેની સલાહ આપે છે જે ડબલ્યુએચઓ યાદીમાં છે. કેટલીક રસી તો કેટલાક ખાસ વિસ્તારોમાં થનાર બિમારી માટે પણ લગાવવામાં આવે છે. કેટલીક ખાસ રસી અને વેક્સીનની વાત કરવામાં આવે તો તેમાં જન્મ બાદ તરત જ બીસીજી, ઓપીવી (પોલિયો ડ્રોપ્સ)હેપટાઈટિસ બી, ટીબી, પોલિયો સામે રક્ષણ મેળવી લેવા માટે લગાવવામાં આવે છે. આની કિંમત ૩૦૦૫૦૦ રૂપિયાન વચ્ચે હોય છે. ત્રણેય વેક્સીન મળીને આ કિંમત રહે છે. જ્યારે દોઢ મહિના અથવા તો છ સપ્તાહના ગાળામાં ડીપીટી (ડિપ્થિરિયા, ટેટનસથી બ્યવા માટે) રસી આપવામાં આવે છે. દિમાગના તાવ સામે પણ આ રસી રક્ષણ આપે છે. પાંચ બિમારીની સાથે રક્ષણ આપતી આ રસીને પેન્ટાવેલેન્ટ કહે છે. પેનલેસ વેક્સીનની કિંમત ૨૪૦૦-૨૬૦૦ રૂપિયા હોય છે. જો પોલિયો માટે ઈન્જેક્શન પણ સાથે લેવામાં આવે તો કિંમત ૨૬૦૦-૩૦૦૦ રૂપિયા થઈ જાય છે. હાલના દિવસોમાં મોટા ભાગે પેન્ટાવેલેન્ટ જ લગાવવામાં આવે છે. આવી જ રીતે રોટા વાયરસ વેક્સીન હોય છે જે ડાયરિયાની સામે રક્ષણ આપે છે. આ રસીની કિંમત ૬૫૦-૧૬૦૦ રૂપિયાની હોય છે. આ દવા પિવડાવવામાં આવે છે. નીમોકોકલ રસી નિમોનિયાની સામે રક્ષણ માટે આપવામાં આવે છે તેની કિંમત ૧૫૦૦-૩૮૦૦ રૂપિયા હોય છે. અડી મહિનાના ગાળામાં પેન્ટાવેલેન્ટ, પોલિયો, રોટા વાયરસ અને નીમોકોકલ રસી આપવામાં આવે છે જેની કિંમત ૪૫૦૦-૬૫૦૦ રૂપિયાની હોય છે. સાડા ત્રણ મહિનાના ગાળામાં પેન્ટાવેલેન્ટ, પોલિયો, રોટા વાયરસ, નીમોકોકલ રસી આપવામાં આવે છે. જેની કિંમત ૪૫૦૦-૬૫૦૦ની હોય છે. નવમા મહિનામાં બાળકને એમએમઆર, વિટામીન એ ડ્રોપ્સ આપવામાં આવે છે. જેની કિંમત ૧૫૦-૧૮૦ રૂપિયા હોય છે. આવી જ રીતે સવા બે

યુઆઈપી હેઠળ બાળક અને ગર્ભવતિ મહિલાઓને વિવિધ બિમારીથી બચાવવા માટે વેક્સીન સરકારી હોસ્પિટલમાં તો ફ્રી હોય છે



વર્ષના બાળકને એમએમઆર,ડીપીટી બુસ્ટર, પોલિયો બુસ્ટર, વિટામિન એ ડ્રોપ્સ રસી આપવામાં આવે છે. જેની કિંમત ૩૦૦-૫૦૦ રૂપિયા હોય છે. જાણકાર નિષ્ણાંતો કહે છે કે બાળકને પાંચ વર્ષના થાય ત્યાં સુધી વિટામિન એ ડ્રોપ્સ આપવામાં આવે તે જરૂરી છે. બે વર્ષની અવધિ બાદ ટાઈફોઈડથી રક્ષણ આપે તેવી રસી આપવામાં આવે છે. જેની કિંમત ૧૮૦૦ રૂપિયા હોય છે. આ રસી એ વખતે આપવાની બાબત ફાયદાકારક રહે છે જ્યારે તે બહારની ચીજો ખાવાની શરૂઆત કરે છે. પાંચ વર્ષની વયમાં ડીપીટી લાસ્ટ બુસ્ટર પોલિયો દવા આપવામાં આવે છે. જેની કિંમત ૧૧૦૦-૧૨૦૦ રૂપિયા હોય છે. ૯-૧૫ વર્ષની વચ્ચે બાળકને એચપીવી (સર્વાઈકલ કેન્સરથી બચાવ) માટે દવા આપવામાં આવે છે. જેની કિંમત પ્રતિ ડોઝ ૩૦૦૦ રૂપિયા હોય છે. તેના ત્રણ ડોઝ જરૂરી બને છે. કેટલાક તબીબો તો ચિકનપોક્સથી બચાવવા માટે પણ બાળકોને રસી લગાવે છે.એચપીવી રસી ફિમેલ માટે હોય છે. આને ૧૧-૧૨ વર્ષની કિશોરીઓને લગાવવામાં આવે છે. ૨૬ વર્ષની વય સુધી આ રસી લગાવવામાં આવી શકે છે. મહિલા પહેલાથી જ સેક્સુઅલ એક્ટિવ છે અને વાયરસ પહેલાથી જ છે તો તે દવા અસર કરતી નથી. તમામ રસી બાળકો માટે ઉપયોગી છે.

વારંવાર પોલિયો ડ્રોપ્સથી કોઈ નુકસાન નથી

પોલિયોના ટિપા વારંવાર લેવા જોઈએ કે કેમ તેને લઈને ભારે દુવિધાભરી સ્થિતી તમામ લોકો અને પરિવારમાં રહેલી છે. વારંવાર અમને લોકો એવુ કહેતા સાંભળવા મળે છે કે તેમના બાળકને તો પોલિયોની રસી પહેલાથી જ આપવામાં આવી ચુકી છે જેથી હવે તેને ટિપાની જરૂર નથી. જાણકાર નિષ્ણાંતો અને તબીબો આ બાબત સાથે બિલકુલ સહમત નથી. તેમનુ કહેવુ છે કે જો બાળકને જન્મના સમય, છઠ્ઠા, ૧૦માં અને ૧૪માં સપ્તાહમાં તેમજ ત્યારબાદ ૧૬થી ૨૪ મહિનાના ગાળામાં બુસ્ટર ડોઝ આપવામાં આવે છે તો પોલિયોથી સુરક્ષા મળી જાય છે. પરંતુ સરકાર દ્વારા સમગ્ર દેશમાં પોલિયો મુક્ત કરવા માટે ચાલી રહેલા અભિયાન પલ્સ પોલિયો મિશનના કારણે ભારે સફળતા સરકાર અને તંત્રને પોલિયોની સામે લડવામાં મળી ગઈ છે. આ મિશનની સફળતા માટે આ બાબત જરૂરી છે કે અમે બાળકોને પોલિયો મિશન હેઠળ દર વખતે પોલિયો ડ્રોપ્સ પિવડાવવામાં આવે. આનો હેતુ સમગ્ર દેશમાંથી પર્યાવરણમાંથી પોલિયોની નાબુદીનો રહેલો છે. પોલિયો મુક્ત ભારતને લઈને સફળતા મળી ચુકી છે પરંતુ આને લઈને સાવધાની પણ જરૂરી છે. જેથી તમામ બાળકોને આ બિમારીની સામે રક્ષણ મેળવી લેવા માટે ટિપા આપવા જોઈએ. કોઈ રસી છુટી જાય તો શુ થાય તે અંગે પુછવામાં આવતા નિષ્ણાંતો કહે છે કે પહેલા તબીબની સલાહ લેવી જોઈએ. જો કે ડબલ્યુએચઓની ગાઈડલાઈન્સ કહે છે કે એક ડોઝ છુટી જાય તો તે ડોઝ વર્ષભરની અંદર લઈ લેવામાં આવે તો કોઈ નુકસાન નથી. પહેલા ડોઝથી શરીર પોતાને એ માઓકોબ પ્રત્યે સંવેદનશીલ કરે છે. શરીરની મેમોરીમાં તે નોંધાઈ જાય છે. જો કે તબીબોની સલાહના આધાર પર તમામ નિર્ણય કરવામાં આવે તે જરૂરી છે.

બીપી માટે સ્થળુતા કારણ છે

બ્લડપ્રેશર અને ડાયાબિટીસ થવા માટેના મુખ્ય કારણોમાં સ્થૂળતા સૌથી મુખ્ય કારણ છે. દેશમાં પાંચ પૈકી એક વ્યક્તિ ડાયાબિટીસ અને હાઈપરટેન્શનથી પરેશાન છે તેવા અહેવાલ બાદ આ અભ્યાસમાં એવુંપણ જાણવા મળ્યું છે કે બ્લડપ્રેશર અને ડાયાબિટીસ થવા માટે મુખ્ય કારણ સ્થૂળતા છે. સ્થૂળતા જ આ મુખ્ય બિમારીઓને આમંત્રણ આપે છે. લોકો નિયમિતપણે તેમના સુગર અથવા તો બ્લડપ્રેશર ઉપર નજર રાખતા નથી. ત્રણ મહત્વપૂર્ણ પરિબળો છે જેના ટેસ્ટ નિયમિતગાળામાં થાય તે જરૂરી છે. સુગર અને બ્લડપ્રેશર નિયમિતપણે ચકાસવામાં આવે તે જરૂરી છે. અભ્યાસમાં ખૂબ ઓછા લોકો આ ધારાધોરણ પાડી રહ્યા હોવાની બાબત જાણવા મળી છે.જે રીતે મહિલાઓમાં સ્થૂળતા ઘણી બિમારીઓને આમંત્રણ આપે છે તેવી જ રીતે ઓછુ વજન પણ ઘણી બિમારીઓને આમંત્રમ આપે છે. આનો મતલબ એ થયો કે, સ્થૂળતા અને વધારે પડતુ ઓછુ વજન બંને ખતરનાક છે. જેથી મહિલાઓને પોતાના વજન બોડી માસ ઈન્ડેક્સ (બીએમઆઈ)મુજબ રાખવા તબીબો સલાહ આપે છે. બીએમઆઈ દરેક વ્યક્તિની હાઈટ અને વજન ઉપર આધારિત હોય છે. બોડી માસ ઈન્ડેક્સ અને અન્ય અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે, ૪ ફુટ ૧૦ ઈંચની લંબાઈ ધરાવતી મહિલાઓનું વજન આદર્શ રીતે ૪૯-૫૪ કિલો, પાંચ ફુટની મહિલાઓનું વજન ૫૧-૫૭ કિલોગ્રામ હોવું જોઈએ. આવી જ રીતે મહિલાઓમાં પાંચ ફુટ એક ઈંચની લંબાઈ ધરાવતી મહિલાઓનું વજન ૫૨-૫૮ હોવું જોઈએ. વજન અને હાઈટ બંનેની ગણતરી સમતુલીત પણે કરવામાં આવે તે જરૂરી છે. ભારતીય તબીબ ડો. રચના ઝાલાએ કહ્યું છે કે, સ્થૂળતા અને વધારે પડતુ વજન સ્વાસ્થ્ય માટે ખતરનાક છે. સ્થૂળતાને કારણે એકબાજુ ડાયાબિટીસ, હાર્ટ સાથે સંબંધિત તકલીફ ઉભી થાય છે. બીજી બાજુ ડાઈટીંગ અને વધારે પડતું વજન ઉતારનાર મહિલાઓમાં પણ ઘણી બિમારીઓ ઘર કરી શકે છે. આધુનિક સમયમાં યુવતીઓ આકર્ષક દેખાવા માટે જીરો ફિગર મેળવવા પ્રયાસ કરે છે. જ

આઈપીએલની ચમક હવે ઘટી જશે

વર્લ્ડ કપના કારણે વિદેશી ખેલાડીઓ પરત ફર્યા...

આઈપીએલને દુનિયાની સૌથી અમીર ક્રિકેટ લીગ તરીકે ગણવામાં આવે છે. આનાથી કરોડો ચાહકો સીધી રીતે જોડાયેલા છે. તમામ ક્રિકેટ ચાહકો આઈપીએલની રોમાંચક મેચોની મજા સતત માણતા રહે છે. દુનિયાના તમામ ખેલાડીઓ આ આઈપીએલમાં રમે છે. છેલ્લી બે લોકસભા ચૂંટણીની જેમ જ આ વખતે પણ સામાન્ય ચૂંટણી આઈપીએલના સમયમાં જ થઈ રહી છે. સામાન્ય ચૂંટણી હોવા છતાં આઈપીએલ પર તેની કોઈ અસર જોવા મળી નથી. પરંતુ ૩૦મી મેના દિવસથી ઈંગ્લેન્ડ અને વેલ્સમાં યોજાનાર વર્લ્ડ કપના કારણે તેની માઠી અસર હવે જોવા મળી રહી છે. તેની ચમક આ વખતે ફિક્કી પડી રહી છે. તમામ વિદેશી ખેલાડીઓ હવે વર્લ્ડ કપના કારણે સ્વદેશ પરત ફર્યા છે. ક્રિકેટ વર્લ્ડ કપ પહેલા તમામ ટીમો પોત પોતાની તૈયારીમાં લાગી ગઈ છે. આવી સ્થિતીમાં હવે મેચો આઈપીએલની નિરશ બની શકે છે. છેલ્લી બે લોકસભાની ચૂંટણી દરમિયાન આઈપીએલની મેચોને દેશની બહાર ખસેડી દેવાની ફરજ પડી હતી. વર્ષ ૨૦૦૯માં આઈપીએલનુ આયોજન દક્ષિણ આફ્રિકામાં કરવાની ફરજ પડી હતી. જ્યારે વર્ષ ૨૦૧૪માં પહેલા ૨૦ મેચ સંયુક્ત અરબ અમિરાત ખાતે રમાઈ હતી. આ વખતે આઈપીએલના આયોજક ચૂંટણીથી પ્રભાવિત થતા બચી ગયા છે. પરંતુ વિશ્વ કપનુ આયોજન હવે થવા જઈ રહ્યુ છે જેના કારણે તેની ચમક ઓછી થઈ ગઈ છે. રોમાંચકતા ઘટી રહી છે. આઈપીએલની મેચો દરમિયાન વિશ્વ કપનુ આયોજન થવાની બાબત ત્રીજી વખત બની રહી છે. પરંતુ સૌભાગ્ય રીતે ૨૦૧૪ અને ૨૦૧૦માં વર્લ્ડ કપની અસર એટલા માટે થઈ ન હતી કે બંને વખત તેનુ આયોજન આઈપીએલ પહેલા કરવામાં આવ્યુ હતુ. જેથી તમામ વિદેશી ખેલાડીઓ તમામ ઉત્સાહ અને તાકાત સાથે રમી શક્યા હતા. આગામી મહિનામાં વર્લ્ડ કપની શરૂઆત થવા જઈ રહી છે. વિશ્વ કપ પહેલા જુદી જુદી ટીમો તૈયારી કરવા માટે કેમ્પનુ આયોજન કરી રહી છે. જેથી આ તમામ ટીમોએ પોતાના આઈપીએલની મેચોને ખતમ કરીને પહેલાથી જ પરત ફરવા માટે સુચના આપી છે. આવી સ્થિતીમાં જે ટીમો વિદેશી સ્ટાર પર આધારિત છે તેમને ફટકો પડી શકે છે. વિદેશી ખેલાડીઓ પરત જતા રહેવાની સ્થિતીમાં સૌથી મોટો ફટકો આ વખતે સનરાઈઝ હૈદરાબાદ અને રાજસ્થાન રોયલ્સને પડ્યો છે. સનરાઈઝ હાલમાં પ્લે ઓફમાં સ્થાન મેળવી લેવા માટે સંઘર્ષ કરી રહી છે. વિદેશી ખેલાડી જતા રહેવાથી તેના પર સંકટ વધી જશે. રાજસ્થાન રોયલ્સ તો થોડીક પાછળ રહી ગઈ છ. તેનુ કારણ પણ તેના ધરખમ ખેલાડી જોશ બટલર સ્વદેશ પરત ફરવા માટેનુ છે. બટલર તો પોતાની પત્નિના ડિલિવરી માટે સ્વદેશ પરત ફર્યો હતો. હવે વિશ્વ કપના કારણે તે ભારત પરત નહીં ફરે તેવી શક્યતા છે. જતા પહેલા રમાયેલી આઠ



બેયરેસ્ટો, ડેવિડ વોર્નર, સ્ટીવ સ્મિથ, બટલર, ડુ પ્લેસીસ, ઈમરાન તાહીર, ડીકોક જેવા ધરખમ ખેલાડી વગર આઈપીએલની ચમક ઘટશે

મેચોમાં જોશ બટલરે ત્રણ અડધી સદી સાથે ૩૧૧ રન કર્યા હતા. જો તમામ મેચો રમ્યો હોત તો રાજસ્થાનની સ્થિતી હાલ કરતા વધારે સારી રહી હોત. વર્લ્ડ કપ માટે વિદેશી ખેલાડીઓની પરત જવાની શરૂઆત સનરાઈઝ હૈદરાબાદના જોની બેયરશો સાથે થઈ ગઈ છે. આ ટીમના સાથી ખેલાડી ઓપનિંગ બેટ્સમેન ડેવિડ વોર્નર પણ હવે પરત ફરનાર છે. બેયરશો છેલ્લી મેચ રમી ચુક્યો છે. ડોવિડ વોર્નર હાલમાં બે ત્રણ મેચ રમી શકે છે. ઓસ્ટ્રેલિયા તૈયારી કેમ્પ બીજી મેથી બ્રિસ્બેનમાં શરૂ થનાર છે. વોર્નરની સાથે ઓસ્ટ્રેલિયાના મુંબઈ ઈન્ડિયન્સના જેસન બેહરનડોર્ફ, રાજસ્થાન રોયલ્સના સ્ટીવ સ્મિથ અને આરસીબીના માર્ક્સ સ્ટેનોઈસ પણ ઓસ્ટ્રે લિયા પરત ફરનાર છે. સનરાઈઝે હજુ સુધી ૧૦ મેચોમાં ૧૦ પોઈન્ટ મેળવી લીધા છે. તેના બંને ઓપનરો ડેવિડ વોર્નર અને બેયરશોની ટીમની સફળતામાં ચાવીરૂપ ભૂમિકા રહી છે. ડેવિડ વોર્નર તો ધરખમ ખેલાડી તરીકે ઉભરીને આવ્યો છે. તે ૧૦ મેચોમાં એક સદી અને સાત અડદી સદી સાથે ૫૭૪ રન કરી ચુક્યો છે. હાલમાં તે આઈપીએલમાં સૌથી વધારે રન કરનાર ખેલાડી છે. બેયરશોએ એક સદી અને બે અડધી સદી સાથે ૪૪૫ રન કર્યા છે. સનરાઈઝ માટે આગામી તબક્કો હવે ફરી એકવાર મુશ્કેલરૂપ બની શકે છે. સૌથી વધારે ૨૩ વિકેટ લેનાર રબાડા જતા રહેતા દિલ્હીને પણ ફટકો પડી શકે છે. ચેન્નાઈ સુપરમાંથી ડુ પ્લેસીસ અને ઈમરાન તાહીર જવાથી ફટકો પડી શકે છે. ડિકોક જવાથી મુંબઈને પણ ફટકો પડશે. વેસ્ટ ઈન્ડિઝના ક્રિસ ગેઈલ, કાર્લોસ બ્રેથવેટ, નિકોલસ પુરન, શમરોન હિટમાયર છેલ્લે સુધી રમશે.

ભારતીય ક્રિકેટરો ઉપલબ્ધ છે

૩૦મી મેના દિવસથી વર્લ્ડ કપ ક્રિકેટની શરૂઆત થઈ રહી છે ત્યારે તમામ વિદેશી ખેલાડી કેમ્પમાં ભાગ લેવા માટે પોત પોતાના દેશમાં પરત ફરી રહ્યા છે. બીજી બાજુ ભારતીય ખેલાડીઓ છેલ્લે સુધી આઈપીએલમાં રમીને વર્લ્ડ કપમાં જશે. જ્યાં સુધી ભારતીય ખેલાડીઓની વાત છે તો વર્લ્ડ કપ માટે પસંદ કરવામાં આવેલા તમામ ભારતીય ખેલાડી આઈપીએલમાં રમી રહ્યા છે. આ બાબત સામાન્ય રીતે કહેવામાં આવે છે કે ટ્વેન્ટી-૨૦ ક્રિકેટ અને વનડે ક્રિકેટ વચ્ચે ખુબ અંતર છે. હવે પ્રશ્ન એ થાય છે કે મોટા ભાગની પ્રમુખ ટીમો વનડે ક્રિકેટની તૈયારી સાથે વર્લ્ડ કપમાં ઉતરશે. જ્યારે ભારતીય ટીમ આઈપીએલમાં રમીને ટ્વેન્ટી ક્રિકેટની તૈયારી સાથે પહોચનાર છે. આની વર્લ્ડ કપમાં દેખાવ પર કોઈ અસર થશે કે કેમ તેને લઈને હજુ સુધી કોઈ વાત કરવામાં આવી નથી. તમામ સ્ટાર ખેલાડીઓને તો ઈજાથી પણ હાલમાં બચવાની જરૂર છે. થોડાક દિવસ પહેલા જ પૂર્વ ભારતીય કેપ્ટન અને વર્લ્ડમાં પ્રબળ ભૂમિકા અદા કરનાર ધોનીને કમરમાં દુખાવો રહ્યો હતો. જેથી તે કેટલીક મેચોમાં રમી શક્યો ન હતો. ધોનીએ કહ્યુ છે કે સાવધાની જરૂરી બની છે. જો કે ધોનીની ટીમ તો પ્લે ઓફમાં સ્થાન બનાવી ચુકી છે. જો કે ધોની એક ખેલાડી અને કેપ્ટન તરીકે ચેન્નાઈ માટે ખુબ ઉપયોગી છે. જો ધોની આગામી મેચોમાં આરામ કરવાનો નિર્ણય કરશે તો ટીમના દેખાવ પર માઠી અસર થઈ શકે છે. આઈપીએલ બાદ ટીમ ઈન્ડિયાની પાસે એક સમાહથી લઈને ૧૦ દિવસ સુધી તૈયારી કેમ્પ ચાલનાર છે. જો કે આવુ કરવાથી આઈપીએલમાં રમી રહેલા ખેલાડીઓને બિલકુલ આરામ મળી શકશે નહીં.થાક સાથે ખેલાડીઓ વર્લ્ડ કપમાં રમે તે બાબત યોગ્ય નથી.

ADVAIT FOOD

Home Tiffin Service

- જૈન ટિફિન મળશે.
- ઘર નું શુધ્ધ અને સાત્વિક ટીફીન મળશે.
- સીઝનલ આઇટમ જેવીકે ચીકી, શીયાળુ મીઠાઇ ઓર્ડર થી બનાવી આપવામાં આવશે.
- ડ્રાય ફરસાણ ઓર્ડર થી બનાવી આપવામાં આવશે.
- પાર્ટી ઓર્ડર સ્વીકાર્ય (૫૦ થી ૭૦ માણસ સુધી)
- હોમ ડિલિવરી સર્વિસ ચાલુ છે.

Free Home Deliver

Tiffin Rs.80/-

Mo. 8160275876 / 9426387071

---

the next big thing

URMI

INVESTMENT CONSULTANCY

CREATING WEALTH SINCE 1999

म्युच्युअल फंड सही है ? परंतु
शुं आपनो Portfolio सही है ?

SWACHH PORTFOLIO ABHIYAN

अनेक नही
एक
INDIA, INVESTMENT AND I

#Sapno_ se_Haqeeqat_Tak

2200 दिन मे. .

२०२५ ने ध्यानमां राखीने आपना PORTFOLIO ने स्वच्छ करावो.

• नवा PAN કાર્ડ • URGENT PAN કાર્ડ
• PAN કાર્ડમાં સુધારો • 15 વર્ષના અનુભવી

B.Com. Computer જાણકાર જોઈએ છે.
F.Y., S.Y., T.Y. વાળા પણ સંપર્ક કરી શકે છે.

વીલ બનાવવા માટે સંપર્ક કરો.
CUSTOMER CARE : 8200434554

વધુ માહીતી માટે સંપર્ક કરો.

સરનામું : ૨૪-૨૫, પહેલો માળ, અમરદિપ કોમ્પલેક્ષ, ફલશ્રુતિનગર, સ્ટેશન રોડ, ભરૂચ.
ફોન : (૦૨૬૪૨) ૨૪૨૫૨૫, ૨૬૭૭૭૮

॥ શ્રી ગણેશાય નમઃ ॥ ॥ જય સીતારામ ॥ ॥ શ્રી આશાપુરી માતાય નમઃ ॥

જય જગન્નાથ એગ્રોટેક

૬, કિશ્ના કોમ્પ્લેક્ષ, માર્કેટ યાર્ડ સામે, હાઈવે રોડ, બાવળા. જિ. અમદાવાદ.
કનુભાઈ એસ. પ્રજાપતિ
Web : jayjagannathagrotech.com
Email : jayjagannathagro@gmail.com
9714 115 115 મો. 94273 60548, 91572 30464

ખેતીને લગતા ટ્રેક્ટર સંચાલિત આધુનિક-વૈજ્ઞાનિક સાધનોના ડીલર

ટોકરી મોડલ ૪૦ એચ.પી. ટ્રેક્ટર
પંજાબનું (હેવી) ઓટોમેટિક થ્રેશર
સબસીડીપાત્ર (ઘાસ, તુવેર, સોયાબીન, જુવાર, બાજરી, મકાઇ - ૨૭ જાતના પાક)

સ્પે. મગફળી થ્રેશર
સબસીડીપાત્ર (વીણી-તજ મગફળીનું થ્રેશર)

મગફળી ડિગર
સબસીડીપાત્ર મગફળી ઉખાડવાનું

ટ્રોલી
ટ્રેક્ટર કંબાઈન્ડ થ્રેશર/હાર્વેસ્ટર
સબસીડીપાત્ર ૯ ફૂટ ૭૬૨

હાર્વેસ્ટર (ભીની તથા મોટું)
(સ્વરાજ તથા અન્ય પંજાબના કોઇપણ હાર્વેસ્ટર)
સબસીડીપાત્ર ૫૨-૧૬-૧૪ ફૂટ ૬૨૨

ચારણો કરતું
લસણ/ડુંગળીનું કટર
ટ્રેક્ટર - ઈલેક્ટ્રીક મોટર સંચાલિત (જાનું/ભોંકું)

ડીલર
મહિન્દ્રા રોટાવેટર (હેવી)
સબસીડીપાત્ર ૫- ૫.૫-૬ ફૂટ

ડીલર
કોમ્પ્યુટર પાવડો
લેઝર લેવલર (સિંગલ - ડબલ ટ્રેક્ટર)
ઓરીજીનલ જર્મની - ઇટાલી સબસીડીપાત્ર

૨, ૩, ૩.૫ ફૂટ
આંતરખેડ (પાવર વિડર)
હાથનું રાંપડા દેવાનું - ઢૂંઢવાનું
પેટ્રોલ તથા ડીઝલ (સબસીડી પાત્ર)

ટ્રોલી-ઢગલામાંથી ગોડાઉનમાં હુસેલ-ફૂલ-કુંવળ ભરવાનું બ્લોઅર, બંધારિયું, પંજાબનું સાદું રિવર્સ લોડર,
પાવડો-રિવર્સ પાવડો, થ્રેર તથા બહારગામથી મોબાઈલ દ્વારા મોટરપંપ ચાલુ-બંધ કરવાનું મશીન,
બેટરી શોટ-ઝટકા તાર ફેન્સીંગ, થાપ કટર (પૂળા કાપવાનું) તથા અન્ય ખેતીકામને લગતા તમામ પ્રકારના સાધનો મળશે.

ચાલુ કામનો વિડિયો વોટ્સએપ/વેબસાઈટ/યુટ્યુબ પર જોવા મળશે. | ટૂંક સમયમાં હાર્વેસ્ટરના સ્પેરપાર્ટ્સ મળશે.

ખેડૂતોએ ખેતીકામના કોઈપણ સાધનો ખરીદતાં પહેલાં એક વખત ફુબરુ મુલાકાત અવશ્ય લેવી.

જૂનું છોડો... નવું અપનાવો... આગળ વધો... પ્રગતિ કરો... ખેડૂતનાથ એ જ જગન્નાથ

અખંડ ભારત રહો અહિંસા પરમો ધર્મ

વિષ્ણુ સુદર્શન જ્યોતિષ

જીઓ ઔર જીને દો

ભારતમાં વરસના દસ મહિના મોટા પ્રમાણમાં સૂર્યપ્રકાશ મળે છે. આપણે સોલાર ટેકનોલોજીનો ઉપયોગ વધારીને પેટ્રોલિયમના વપરાશનું પ્રમાણ ઘટાડી શકીએ. વિશ્વમાં બીજા દેશોમાં હાયબ્રિડ ટેકનોલોજીનો પ્રભાવ વધતો જાય છે. સોલાર સેલ, હાઈડ્રોજન સેલ, ઈલેક્ટ્રિક બેટરી વગેરેનો ઉપયોગ કરીને લોકો પેટ્રોલનો ઉપયોગ ઘટાડી રહ્યાં છે. ભારત વીજળી ઉત્પન્ન કરવા મોટા પ્રમાણમાં ડીઝલનો ઉપયોગ કરે છે. ન્યુક્લીયર ટેકનોલોજીનો ઉપયોગ વધારાય તો તેમાં પણ બચત થાય. ટૂંકમાં ભારતે વૈકલ્પિક ઊર્જાના અલગ અલગ રસ્તે વળવું પડે ને તો જ મેળ પડે.

આ બંને વ્યૂહરચનાની સાથે ભારતમાં વસતી પર નિયંત્રણ અને પબ્લિક ટ્રાન્સપોર્ટેશનનો વધારે ઉપયોગ થાય તેવી સ્થિતિ સર્જવી જરૂરી છે. મુંબઈમાં લોકો વ્યક્તિગત રીતે વાહનોનો ઉપયોગ ઓછો કરે છે કેમ કે ટ્રેનની સુવિધા સારી છે. કમનસીબે દેશમાં બીજે બધે એ સ્થિતિ નથી તેથી લોકોએ કમને પોતાનાં વાહનો વાપરવા પડે છે. ગુજરાતનાં મોટા ભાગનાં શહેરોમાં એ જ રીતે લોકો આવ-જા કરે છે. અસરકારક પબ્લિક ટ્રાન્સપોર્ટેશન હોય તો લોકો ઓછાં વાહનો વાપરે ને પેટ્રોલ-ડીઝલના ધુમાડા ઓછા કરે.

આ સમસ્યા ગંભીર છે પણ કમનસીબે આપણી સરકાર કે લોકો તેને ગંભીરતાથી લેતાં નથી. આ ગંભીરતા વધે એ માટે લોકોમાં જાગૃતિ આવે એ સૌથી પહેલાં તો જરૂરી છે. લોકોમાં ગંભીરતા આવે તો આપોઆપ બધા હલ નીકળે.

૮૫ પૈસા આમ અને ૧૫ પૈસા તેમ


ગાંધીજીએ આ દેશને અને ખરું કહીએ તો આ દુનિયાને શું શું આપ્યું છે એની વિચારણા કરીએ તો સહુ પ્રથમ ગાંધીજીએ વ્યાવહારિક જીવનમાં જે અદ્ભુત વિચારો આપ્યા છે એનો જ ઉલ્લેખ થવો જોઈએ. તત્કાલીન સમાજજીવનની રચના વચ્ચે આ વિચારો થયા હોય એટલે એમાંથી કેટલાકની આજે આપોઆપ બાદબાકી થઈ જાય. એમના બધા વિચારો સાથે આજે સહમત ન થઈ શકાય, એનો અમલ પણ ન કરી શકાય અને આમ છતાં એમણે જે કેટલીક વાતો કરી છે એના વિશે ઊંડા ઊતરીને વિચારણા કર્યા વિના ચાલે એમ નથી.

દરેક ચૂંટણી વખતે કેટલાય મતદારો રોકકળ કરી મૂકે છે - અમારા નામ મતદારયાદીમાં નથી. મતદારયાદી સરકારી યંત્રણા તૈયાર કરે છે, એની પૂરતી જાહેરાતો કરે છે. આ રીતે તૈયાર થયેલી યાદી સહુ કોઈના પરીક્ષણ માટે જાહેરમાં ખુલ્લી મૂકે છે. બરાબર ચૂંટણી ટાંકણે જ મતદારયાદીમાં મારું નામ નથી. એવો કકળાટ કરનારાઓને આપણે પૂછીએ કે મતદારયાદીમાં તમારું નામ છે કે નહીં એનું પરીક્ષણ તમે કર્યું હતું? મતદાન એને જો તમે તમારો અધિકાર માનતા હો તો આ અધિકારનું રક્ષણ કરવાની જવાબદારી શું તમારી નથી?

ગાંધીજીએ પોતાના વૈચારિક ગ્રંથ 'હિન્દ સ્વરાજ'માં આ વાત કરી છે. મતદારયાદી સરકારે તૈયાર કરવાની ન હોય. જેમને બંધારણીય રીતે મતદાનનો અધિકાર મળ્યો છે એ સહુએ પોતાની નોંધણી જાતે જ સરકારી કચેરીમાં જઈને કરાવી લેવી જોઈએ. તમારા વતી તમારા અધિકારનું રક્ષણ બીજું કોઈ કરે એવી અપેક્ષા શું વ્યાજબી છે? (જોકે ગાંધીજીએ તો લોકશાહી અને ચૂંટણીનો પણ મૂળભૂત રીતે વિરોધ કર્યો છે).

આપણે પારંપરિક લોકશાહી પ્રથાનો સ્વીકાર કર્યો છે. લોકશાહીમાં આપોઆપ જ ચૂંટણીનો વળગાડ થવાનો. ચૂંટણી એટલે બીજું કંઈ નહીં માત્ર સંખ્યાબળ. સંખ્યાબળ એટલે માત્ર માથાંની ગણતરી. માથાં કેટલા છે એની જ ગણતરી કરવાની પણ આ માથાં કેવાં છે એના ઉપર મુદ્દલ ધ્યાન નહીં આપવાનું. એ જે હોય તે પણ આપણે એનો સ્વીકાર કર્યો છે એટલે એમાંથી પસાર થયા વિના બીજો કોઈ માર્ગ નથી.

દેશ સત્તરમી સંસદની વરણી કરવા માટેની પ્રક્રિયામાંથી પસાર થઈ રહ્યો છે. સોળ સંસદની ચૂંટણી કર્યા પછી દેશ પાકટ થઈ ગયો કહેવાય. સોળ સંસદની ચૂંટણી પછી ત્રીજી પેઢી પણ તૈયાર થઈ ગઈ હોય. આગળની બે પેઢીના અનુભવનો નિચોડ પણ એની પાસે આવી ગયો હોય. આટલા અનુભવ પછી જો આ મતદારો સાચી પસંદગી કરવામાં સફળ ન થાય તો ઈવીએમ મશીનથી માંડીને ગુંડાગિર્દી કે લાંચ-રુશવત જેવા કોઈ શબ્દોનો



દોષ કાઢશો નહીં. એ દોષ તમારો અને મારો જ હશે. આપણી નિષ્ફળતા બીજા કોઈના માથે ઓઢાડી દેવાની આપણને ફાવટ હોય છે. આ ફાવટ કેટલી ખોટી હોય છે એ પણ આપણે જાણતા હોઈએ છીએ.

સિત્તેર વરસ પહેલાં આપણે ચૂંટણી કે મતદાન વિશે ખાસ કંઈ જાણતા નહોતા. મતદાન વખતે કોઈક નેતા કે પછી કોઈક સોનેરી સૂત્રોથી દોરવાઈ જતા હતા. નેતાઓ હજુય એમ માને છે કે આપણે હજુય એમના સૂત્રોથી દોરવાઈ રહ્યા છીએ. આજે આપણે નિર્ણય કરવાનો છે કે આપણે શું કરવાનું છે?

હિસાબકિતાબ દિવાળીને દિવસે કરો, ૩૧મી ડિસેમ્બરે કરો કે પછી ૩૧મી માર્ચે કરો. હિસાબ તો કરવો જ પડે, નફા-નુકસાનનું સરવૈયું તો કાઢવું જ પડે. આ સરવૈયું તપાસતી વખતે આપણે ધ્યાન માત્ર એટલું જ રાખવાનું છે કે ચોપડા લખનાર મહેતાજીએ કે ગુમાસ્તાએ આપણને ક્યાંય છેતર્યા તો નથીને? (આજે આ મહેતાજી કે ગુમાસ્તાને ચાર્ટર્ડ અકાઉન્ટન્ટ, એમ.બી.એ. કે કંપની સેક્રેટરી કહેવામાં આવે છે). કુશાગ્ર વેપારી આ ચોપડામાં લખાયેલી પ્રત્યેક એન્ટ્રીનું ક્રોસ વેરિફિકેશન પણ કરે છે. આજે મતદારની ભૂમિકા આ કુશાગ્ર વેપારી જેવી છે. છેલ્લાં પાંચ વરસમાં જેમણે આ ચોપડા લખ્યા છે એમના હિસાબકિતાબો ક્રોસ વેરિફિકેશન કરીને આપણે તપાસી લેવા જોઈએ.

આ ક્રોસ વેરિફિકેશન એટલે શું? જરાક શાંતિથી સાંભળો. (એટલે કે વાંચો).

પાંચ વરસ પહેલાં આ ચોપડા લખવાનું કામ તમે જેને સોંપ્યું હતું એ કામ એમણે નિષ્ઠાપૂર્વક પ્રામાણિકતાથી કર્યું છે? અગાઉના રેઢિયાળ તંત્ર સાથે એમણે કરેલું કામ ઊડતી નજરે સરખાવી જોજો. કોઈ કામ નથી થયું એમ લાગતું હોય તો શા માટે નથી થયું એના કારણો વિશેય થોડીકવાર વિચાર કરજો. કામ કરવા જેવું હતું, થઈ શકે એમ હતું અને છતાં નથી થયું તો એના વિશે જવાબદારી કોની છે? જો આ કામ થઈ જશે તો દેશનું તો જે થવાનું હોય તે થાય પણ આ કામગીરીનો યશ એમને મળી જશે એવા હલકા ઉદ્દેશથી એમને માટે કોઈકે વિઘ્નો તો નહોતાં પેદા કર્યાને? આ વિઘ્નકર્તાઓને પણ બરાબર ઓળખી લેજો. આવું કરવામાં ક્યાંક મારો કે તમારો પણ સમાવેશ તો નથી થઈ જતોને?

જે કોઈ સત્તાધારી હોય એનાથી બધાં જ સારાં કામો થઈ શકે છે એમ માની લેવું ભોળપણ છે. એનાથી આવાં કામો ત્યારે જ થઈ શકે છે કે જ્યારે આપણે પણ એમની સાથે રહીએ.

ગાંધીજીએ લોકશાહીની ઊણપો દર્શાવતાં એવું પણ કહ્યું છે કે ચૂંટાયેલી સરકાર હંમેશાં, પોતાનો પક્ષ બીજી વાર ચૂંટાય એ ધ્યાનમાં રાખીને જ કામો કરતી હોય છે.

આ વાત કંઈ ખોટી નથી, સાચી છે પણ સરકારે જે કંઈ કર્યું એનો ફાયદો છેવાડાના માણસ સુધી પહોંચ્યો કે નહીં એ જ વાત વધુ મહત્ત્વની છે. ગાંધીજીએ કહ્યું છે એમ ગેસનો બાટલો પોતાના રસોડામાં મેળવનારો આ છેવાડાનો માણસ આ મતદાન વખતે આપણે યાદ કરવાનો છે. બૅંકમાં ખાતું ખોલવાથી જિંદગીનો વીમો અને તબીબી સહાય આપોઆપ મેળવનારા માણસને છેવાડાનો માણસ કહેવાય કે નહીં એ પ્રશ્ન આપણી જાતને પૂછી લેવા જેવો છે. થોડાં વરસો પહેલાં જે દેશમાં પ્રધાનમંત્રી સ્વયં કહેતા કે સરકારી રૂપિયો છેવાડાના માણસને પહોંચે છે ત્યારે માત્ર પંદર પૈસા જ હોય છે અને બાકીના પંચ્યાશી પૈસા રસ્તામાં જ વેરાઈ જાય છે એ દેશમાં હવે, જો પંચ્યાશી પૈસા છેવાડાના માણસને પહોંચતા હોય અને પંદર પૈસા વેરાઈ જતા હોય તો હવે તમારે નક્કી કરવાનું છે કે તમારે શું કરવાનું છે? ફરી વાર પંચ્યાશી પૈસા રસ્તામાં વેરી દેવા છે કે પછી એને છેવાડાના માણસ સુધી પહોંચાડવા છે?

દૂરિયાં નઝદીકિયાં બન ગઈ

કેટરિના કૈફ જ્યારે રણબીરકપૂરની ગર્લફ્રેન્ડહતી ત્યારે રણબીરને તેના પિતા સાથે ઘણું તૂતૂમૈંમૈં થતું હતું. રણબીર કેટ સાથે જુદો રહેવા જવાનો હતો, કારણ કે તેના પિતા-માતા રિષી અને નીતુ કપૂરને કેટરિના તેમની વહુ બને તે દીઠુંય નહોતું ગમતું. આથી રણબીર તો એક જુદું ઘર લઈને કેટ સાથે રહેવાના સપના જોતો હતો, પણ અંતમાં કેટ તેના જીવનમાંથી નીકળી ગઈ. પણ વાત એ છે કે જીવનમાં આવી ઘટનાઓ બનતી રહે છે એવી રીતે રણબીર માટે પણ આવો એક તબક્કો આવ્યો હતો. પણ બીજી બાજુ જોઈએ રણબીર તેની મામાનો દીકરો છે. સાથે પાપાનો પણ. જોકે, તેને તેની માતા સાથે પિતા કરતા વધારે બને છે અને આટલો મોટો સ્ટાર થયા પછી પણ તે તેની માતા પાસેથી પહેલાની જેમ દર મહિને પોતાની ખિસ્સાખર્ચી લે છે. તેતેના માતા-પિતાનો લાડલો છે. જેટલી માતા સાથે નજદીકી છે તેટલી જ લાગણી તેની પિતા સાથે પણ ઘોળાયેલી છે. પણ જીવનમાં ઘણીવાર સંબંધોમાં એવું બની જાય છે કે તેનાથી થતી દૂરીને ક્યારેય મીટાવી શકાતી નથી. એમ રિષી કપૂરના જ કહેવા પ્રમાણે તેમની અને પુત્ર રણબીર વચ્ચેના સંબંધોમાં એક દૂરી છે, નાનકડી ખાઈ છે. રિષીએ તેની સાથે એક દીવાર રચી દીધી છે, જે તેમની વચ્ચે કંટક જેવી હતી. આવું રિષીએ પોતે કહ્યું હતું.



રિષીએ અગાઉ તેમના રણબીર સાથેના ઔપચારિક સંબંધો વિશે વાત કરી હતી, પણ વર્ષો વીતતા બંનેના સંબંધોમાંઘણો બદલાવ આવી ગયો એમ રિષીએ થોડા વર્ષ પહેલા કહ્યું હતું. જોકે, હવે બંને વચ્ચે ઘણા સારા લાગણીભર્યા સંબંધો છે. રિષીને રણબીર પ્રત્યે અનહદ પ્રેમ છે અને બંને વચ્ચેનો વ્યવહાર પણ બદલાયો છે. થોડા સમય પહેલા યુએસમાં રિષીનો રણબીરતરફ પ્રેમ દર્શાવતો એક ફોટોપણ નીતુએશેર કર્યો હતો. આથી જ તાજેતરમાં રિષી કપૂરે પુત્ર રણબીર સાથે બહુ લાગણીભર્યો વાર્તાલાપ કર્યો તો રણબીરે તેના પિતાની વાચા એક એવૉર્ડ સમારોહમાં હજારો દર્શકો સામે કહી હતી.

રિષી કપૂર કેટલાક સમયથી યુએસમાં છે અને તેમની કેન્સરની સારવાર કરાવી રહ્યા છે અને હવે ભારત પાછા પણ આવશે. પણ તેમને થયેલી બીમારીમાંથી સાજાં થવાની ખુશી કરતા તેમને એ ચિંતા સતાવી રહી છે કે તેઓ મુંબઈ પાછા આવશે પછી તેમને ફરી ફિલ્મોમાં કામ મળશે કે કેમ? આટલી ઉંમરે પણ તેમને પોતાના કામ અંગે અસલામતીની ચિંતા થાય છે. રણબીરે પોતે જ આ વાત કહી હતી, જેને તેના પિતાએ તેની સાથે શેર કરી હતી.

રણબીરકહે છે, સામાન્ય રીતે તો હું તેમની સાથે વાતકરું તો તેઓ ફક્ત ફિલ્મો વિશે જ વાત કરે. તેઓ પૂછે કે આ ફિલ્મ કેવી છે? ફિલ્મ કેવી ચાલે છે? તેમાં પર્ફોર્મન્સ કેવું છે? આ સીનમાં તું શું કરી રહ્યો છે? આવું બધું તે મને પૂછતા રહે. પણ આ વખતે તેમણે મને તેમની અસલામતી વિશે વાત કરી ને પૂછ્યું કે હું જ્યારે પાછો આવીશ ત્યારે મને ફિલ્મોમાં ફરી કામ મળશે? લોકો મને ફિલ્મ ઓફર કરશે? શું હું ફિલ્મોમાં કામ કરી શકીશ?

રણબીરને 'સંજુ' ફિલ્મના તેનાપર્ફોર્મન્સ માટે એવૉર્ડ મળ્યો તે તેના પિતાને અર્પણ કર્યો હતો અને કહ્યું હતુંકે તે મારા જીવનમાં બહુ સ્પેશિયલ છે. અત્યારે તેઓ તેમના જીવનનો થોડો મુશ્કેલભર્યો તબક્કો જીવી રહ્યા છે અને મેં ઘણીવાર એ સાંભળ્યું છે કે તમે જ્યારે તમારા જીવનમાં મુશ્કેલ પથ પરથી પસાર થઈ રહ્યા હોવ ત્યારે તમે વ્યક્તિ તરીકે કેવા છો તે તમારે જરૂર કહેવું જોઈએ. રણબીરના કહેવા પ્રમાણે રિષી કપૂર બહુ જલદી ભારત પાછા આવશે. હવે તેમની તબિયત સારી છે. તે ત્યાં રહીને ફિલ્મો અને ફિલ્મોમાં કામ કરવાનું મિસ કરી રહ્યા છે. રણબીર આશા વ્યક્ત કરે છેકે તેમના ચાહકો અને બધા જ દર્શકોની શુભેચ્છા અને પ્રાર્થનાને કારણે તે બહુ જલદી પાછા આવશે.

સૉરી, માધુરી બેગમ બહાર



'માર ડાલા'... ફિલ્મના પડદા પર ચંદ્રમુખી દેવદાસના પ્રેમમાં ઓળઘોળ થઈ અને થિયેટરની બહાર દર્શકો બોલી ઊઠ્યા કે માર ડાલા. બન્યું એવું કે ધક ધક ગર્લ અમેરિકાના દિલના ડૉક્ટરને પોતાનું દિલ દઈ બેઠી અને બિસ્તરા પોટલા સમેટીને ચિત્રપટની દુનિયાને બાય બાય કરીને યુએસમાં સેટલ થઈ ગઈ. જોકે, મૂળે કલાકાર જીવ. એમાં સતત ૧૮ વર્ષ સુધી ગ્લેમરની દુનિયામાં રહી કેમેરાની સામે રહેવાની આદત પડી ગયા પછી ચળકાટ વિનાની જિંદગી જીવવી આસાન નથી. અહીં રાજશ્રી, વૈજયંતિમાલા અને સુચિત્રા સેન એ ત્રણ અભિનેત્રીઓનું અપવાદ તરીકે તરત સ્મરણ થઈ આવે છે. આ ત્રણેયે મેદાન છોડી દીધા પછી પાછું વાળીને જોયું નથી. બાકીની અભિનેત્રીઓમાં એ મુમતાઝ (પહલાજ નિહલાનીની ભંગાર ફિલ્મ 'આંધિયા' યાદ છે?) હોય કે ગયા વર્ષે 'બ્લેક મેલ'માં આઇટમ સૉન્ગ જેવી હાજરી આપીને ચાહકોને નિરાશ કરનારી ઉર્મિલા માતોંડકર હોય, બધાને ઝાકઝમાળની દુનિયામાં પાછા ફરવાનો ચસકો હોય છે. અલબત્ત જયા બચ્ચન અને શ્રીદેવીનો અનુક્રમે 'સિલસિલા' અને 'ઇંગ્લિશ વિંગ્લિશ' દ્વારા કમબૅક કરવાનો પ્રયાસ નોંધપાત્ર રહ્યો. ડિંપલ કાપડિયાનું ઉદાહરણ નથી આપવું કારણ કે એ માત્ર એક જ ફિલ્મ કરીને જતી રહી હતી અને 'સાગર'માં પાછી ફરી ત્યારે એની ઉંમર નહોતી થઈ ગઈ. એનું કમબૅક સફળ નીવડ્યું એ અલગ બાબત છે.

જોકે, માધુરીના નસીબ એટલા પાધરા નથી રહ્યા. પાંચ જ વર્ષ યુએસમાં રહ્યા પછી ધક ધક ગર્લને સોલો ઊપડ્યો અને ૨૦૦૭માં આદિત્ય ચોપરા નિર્મિત અને ટોચના સિનેમૅટોગ્રાફર અનિલ મહેતા દિગ્દર્શિત 'આજા નચલે'માં એ ફરી દેખાણી. પણ એ ફિલ્મને આજા ભાગલે જેવો પ્રતિસાદ દર્શકો તરફથી મળ્યો. થોડો વખત ચૂપ બેઠા પછી મરાઠી મુલગીએ ફરી કમર કસી અને ૨૦૧૪માં તેની બે ફિલ્મ આવી, 'દેઢ ઇશ્કિયા' અને 'ગુલાબ ગૅન્ગ'. આ ફિલ્મોમાં એનું કામ વખણાયું, એનો ચાર્મ અકબંધ હોવાની લાગણી થઈ, પણ આ બાબતોને બૉક્સ ઑફિસના કલેક્શન સાથે મેળ ન બેઠો. ફિલ્મો ચાલી નહીં અને ફરી સેમી રિટાયરમેન્ટ. 'તેજાબ'માં ફટાફટ એક દો તીન ગણનારી માધુરીની કમબૅક ફિલ્મો નાણાકીય સફળતાની ગણતરીમાં ફિટ ન બેઠી. વચ્ચે રણબીર કપૂરનું માન રાખવા માટે 'યે જવાની હૈ દિવાની'માં 'ઘાઘરા' સૉન્ગ જેવા હવાતિયાં પણ માર્યા. ગયા વર્ષે તેણે 'ધ બકેટ લિસ્ટ' નામની એક મરાઠી ફિલ્મ કરી. આ ફિલ્મને બૉક્સ ઑફિસ પર સફળતા મળી, પણ એની ગણતરી મરાઠી ફિલ્મ તરીકે થઈ.

આ વર્ષે તેણે હિંદી ફિલ્મ ઇન્ડસ્ટ્રીમાં પગ જમાવવા ફરી એક પ્રયાસ કર્યો છે. પહેલા આવી ઇન્દ્ર કુમારની 'ટોટલ ધમાલ'. અલબત્ત આ દિગ્દર્શક-અભિનેત્રીની 'દિલ', 'બેટા' અને 'રાજા' માણી હશે એ 'ટોટલ ધમાલ' જોઈને નિરાશ થયા હશે અને 'માધુરી, તુને યે ક્યા કર ડાલા?' જેવી પ્રતિક્રિયા પણ આપી હશે. બૉક્સ ઑફિસ પર ફિલ્મ સફળ કહેવાતી હશે, પણ માધુરીને છાજે એવી આ ફિલ્મ તો નહોતી જ એમ નિઃસંકોચપણે કહી શકાય. આવો રોલ માધુરીએ શું કામ કરવો જોઈએ એવું જો એના ચાહકો 'ટોટલ ધમાલ' જોયા પછી બોલ્યા હોય તો એ એમનો હક છે.

તાજેતરમાં ખૂબ ગાજાવાજા સાથે આવેલી ભપકાદાર પ્રોડક્શનની 'કલંક' પણ માધુરીના ચાહકોને નિરાશ કરનારી સાબિત થઈ છે. ઐતિહાસિક કથાનક ધરાવતી આ ફિલ્મમાં માધુરીના દમદાર અભિનયની સાથે એના અફલાતૂન ડાન્સ જોવા મળશે એવી આશા ફિલ્મરસિકોએ રાખી હોય તો એમાં કંઈ ખોટું નથી. જોકે, 'અખિયાં મિલાઉં'ની ચુલબુલી માધુરી કે પછી 'હમ આપકે હૈં કૌન'ની 'ધિક તાના ધિક તાના' કરતી નિશા કે પછી ચંદ્રમુખીના 'માર ડાલા' તેમ જ ઐશ્વર્યા સાથેના 'ડોલા રે ડોલા રે'ની મધમીઠી માધુરી દૂર દૂર સુધી એમાં નજરે નથી પડતી. અલબત્ત દોઢ બે દાયકા પહેલાની ફિલ્મો સાથે તુલના ન કરવી જોઈએ, પણ 'કલંક'ના નૃત્યમાં એના નારંગી લેહંગા પર વધુ નજર જાય અને એની અદાઓ ઓછી દેખાય એ તો કેમ સહન થાય? ફિલ્મમાં એનું પાત્ર બેગમ બહાર છે અને કેટલાક લોકો ફિલ્મોમાંથી બેગમ બહાર એવી મજાક કરે છે.


કમબૅક માટે માધુરીને એની પ્રતિભાને છાજે એવી ફિલ્મ નહીં મળે? ટીવીના રિયાલિટી શોમાં છવાઈ જવું અને ફિલ્મોમાં ફાંકડા લાગવું એ બે વચ્ચેનો ફરક એને તો ખબર જ હોય. જેની એક એક અદાઓના લોકો દિવાના છે એ ચાહકોની એક ફરિયાદ છે કે ઓરિજિનલ માધુરી નથી જોવા મળી રહી. એની એ અદાઓ ગાયબ થઈ ગઈ હોવાની ફરિયાદ થઈ રહી છે. જો 'ટોટલ ધમાલ' કમબૅકની સફળતાનો માપદંડ ગણાતી હોય તો 'માર ડાલા' દર્શકો ગાશે, બીજું શું?

વિકી કૌશલનો ઘોડો વિનમાં

ભણી તો નાખ્યું વિકી કૌશલે અને સારા અને મોટા ઇન્સ્ટિટ્યૂટમાંથી એન્જિનિયરિંગની ડિગ્રી પણ મેળવી લીધી. વિકીના મૂળિયાં ફિલ્મલાઇનમાં. શરૂઆતમાં સ્ટન્ટમૅન અને ત્યાર બાદ ઍક્શન ડિરેક્ટર બનેલા શ્યામ કૌશલનો સુપુત્ર. એટલે આંખો સામે લાઇટ, કૅમેરા, ઍક્શન તરવરતા રહેતા હોય એ સ્વાભાવિક કહેવાય. જોકે, પિતાએ ભારે સંઘર્ષની દુનિયા જોઈ હતી એટલે દીકરો કોઈ સારી નોકરી કરી નિયમિત આવક રળતો થઈ જાય એવી તેમની ઇચ્છા હતી. જોકે, ભાઈ હવે કોઈ તગડા પગારની નોકરી સ્વીકારશે કે પોતાનો બિઝનેસ શરૂ કરશે એવી માન્યતા ખોટી સાબિત થઈ. પિતા સાથે સેટ પર જવાનું શરૂ કર્યું. ઍક્ટિંગના ક્લાસ ભર્યા. અનુરાગ કશ્યપની 'ગૅન્ગ ઑફ વાસેપુર' ફિલ્મમાં સહાયક દિગ્દર્શક તરીકે કામ કર્યું અને નાનકડી ભૂમિકાઓ પણ કરી. ૨૦૧૫માં ખૂબ વખણાયેલી 'મસાન'માં વિકીને મોટો ચાન્સ મળ્યો. એનો ડિરેક્ટર નીરજ ઘાયવાન વિકી સાથે અનુરાગની ફિલ્મમાં આસિસ્ટન્ટ હતો. ફિલ્મ માટે રાજકુમાર રાવને સાઇન કરવામાં આવ્યો હતો, પણ એ ખસી જતા વિકીનો નંબર લાગી ગયો. આ ફિલ્મે બૉક્સ ઑફિસ પર ડંકો ન વગાડ્યો, પણ આંતરરાષ્ટ્રીય ફિલ્મ ફેસ્ટિવલમાં નામ કમાવામાં સફળ રહી. ત્યાર બાદ 'ઝુહાન' અને 'રામન રાઘવ ૨.૦'માં એ ચમક્યો, પણ આ ફિલ્મો બૉક્સ ઑફિસ પર ઝાંખી પડી. ૨૦૧૮નું વર્ષ એને માટે ફળદાયી સાબિત થયું અને એની પાંચ ફિલ્મો રિલીઝ થઈ જેમાંથી 'મનમર્ઝિયાં' અને 'સંજુ'માં એના પર્ફોર્મન્સની ખાસ નોંધ લેવાઈ.

આ વર્ષે રિલીઝ થયેલી 'ઉડીઃ ધ સર્જિકલ સ્ટ્રાઇક' એને માટે ટર્નિંગ પૉઇન્ટ સાબિત થઈ. બૉક્સ ઑફિસ પર જ્વલંત સફળતા અને એના અભિનયની પ્રશંસાને પગલે વિકીનો ઘોડો વિનમાં આવી ગયો. તાજેતરમાં તેણે સાઇન કરેલી 'અશ્વત્થામા' એની આગેકૂચની સાબિતી આપતું ઓર એક ઉદાહરણ છે.

'ઉરીઃ ધ સર્જિકલ સ્ટ્રાઇક' ભારતમાં તો લોકપ્રિયતા અને કમાણીના તમામ વિક્રમો તોડી ચૂકી છે, પણ હવે ચીનમાં પણ તેણે કમાણીમાં હરણફાળ ભરી છે. મળેલી માહિતી અનુસાર આ ફિલ્મ ચીનમાં રૂ. ૨૦૦ કરોડથી ઉપરનો વકરો કરી ચૂકી છે અને હજુ વધુ કમાણીની આશા છે. આ ફિલ્મનો મેજર વિહાનસિંહ શેરગિલ ઉર્ફે અભિનેતા વિકી કૌશલ, હવે ટૂંક સમયમાં જ અશ્વત્થામાની ભૂમિકામાં દેખાશે. જી હા, વિકી કૌશલે ઘણી જ સફળ ફિલ્મ 'ઉરીઃ ધ સર્જિકલ સ્ટ્રાઇક'માં દમદાર અભિનયથી દર્શકોના મન જીતી લીધા હતા અને હવે આવી જ અસરકારક બીજી ભૂમિકાની તેને અને દર્શકોને પણ પ્રતીક્ષા હતી એ હવે મહાભારતના અમર પાત્ર અશ્વત્થામાથી પૂરી થશે એવું લાગે છે.



'ઉરી' ફિલ્મની સફળ ત્રિપુટી અભિનેતા વિકી કૌશલ, દિગ્દર્શક આદિત્ય ધાર અને નિર્માતા રૉની સ્ક્રૂવાલાનો હવે 'અશ્વત્થામા' ફિલ્મ નિમિત્તે ફરી સંગમ થશે. અગાઉ કહ્યું તે પ્રમાણે અશ્વત્થામા નામનું મહાભારતનું પાત્ર અમર છે. કૌરવો-પાંડવોના ગુરુ દ્રોણાચાર્યનો પુત્ર અશ્વત્થામા આજે પણ જીવિત હોવાનું કહેવાય છે. ભગવાન શ્રીકૃષ્ણે તેને એવો શ્રાપ આપ્યો હતો કે એ કળિયુગના અંત સુધી જીવતો રહેશે. અશ્વત્થામાના જન્મ સમયથી જ તેના માથા પર એક મણિ હતો જે તેને વિષમ પરિસ્થિતિમાં પણ શક્તિ પ્રદાન કરતો હતો. પિતા દ્રોણાચાર્ય અને પુત્ર અશ્વત્થામા બેઉ મહાભારતના યુદ્ધમાં કૌરવો વતી લડ્યા હતાં. મહાભારત એ હિન્દુઓમાં અતિપ્રિય ગ્રંથ છે. 'ઉડી'ની સફળ ત્રિપુટી જ્યારે આ પ્રોજેક્ટ હાથમાં લઈ રહી હોય ત્યારે સ્વાભાવિક છે કે લોકોની અપેક્ષા ઘણી વધી જાય. હવે જોઈએ આ ત્રિપુટી લોકોની અપેક્ષા પૂરી કરી શકશે કે કેમ? જોકે, આ ફિલ્મના ડાયરેક્ટર આદિત્યનું કહેવું એમ છે કે તેઓ આ ફિલ્મની વાર્તા પર છેલ્લા સાત વર્ષથી કામ કરી રહ્યા છે. વિકીનેય હવે ઐતિહાસિક કે યુદ્ધ પર આધારિત ફિલ્મો કરવાનું ઘેલું લાગ્યું છે. તેને 'ઉડી'ની સફળતા પછી પિરિયોડિક ફિલ્મો મળવા લાગી છે, કારણ કે કરણ જોહરની 'તખ્ત' ફિલ્મમાં પણ તે છે જે મોગલ કાળ પર આધારિત છે.

બિગ બી બનશે વ્યંડળ

અમિતાભ બચ્ચનનું સૌથી પ્રખ્યાત ગીત મેરે અંગને મે તુમ્હારા ક્યા કામ હૈ, જો હૈ નામવાલા, વો હી તો બદનામ હૈ, 'લાવારિસ'નું ગીત છે. આજે પણ ઘણી જગ્યાએ સાંભળવા મળે છે. તમે ધ્યાનથી આ ગીતને અમિતાભ બચ્ચનનો અવતાર જોયો હશે તો તેમણે માથા પર ચાંદલો સેથીમાં સિંદૂર અને સાડી પહેરીને રમૂજી ડાન્સ કર્યો હતો. જોકે, એ ફક્ત ગીત પૂરતો જ પહેરવેશ હતો, પણ હવે તેઓ પહેલી વાર અક્ષય કુમાર સ્ટારર 'લક્ષ્મી' ફિલ્મમાં એક વ્યંડળનું પાત્ર ભજવવા જઈ રહ્યા હોવાની માહિતી મળી હતી.

૨૦૧૧માં આવેલી તમિળ હૉરર કૉમેડી ફિલ્મ 'કાંચના ટૂ'ની હિંદી રિમેક બની રહી છે. ફિલ્મમાં અક્ષય કુમારના શરીરમાં એક વ્યંડળનો આત્મા પ્રવેશે છે અને તેના મોતનો બદલો લોવા માટે તે ઘણા કરતબ કરે છે. અક્ષયે આ ફિલ્મનું શૂટિંગ શરૂ કરી નાંખ્યું છે અને બચ્ચન સાહેબને પણ ફિલ્મમાં અહેમ ભૂમિકા મળી હોવાથી ફિલ્મમાં ચાર ચાંદ લાગી ગયાં છે.

હાલમાં જ તેમને આ ફિલ્મ માટે સાઇન કરવામાં આવ્યા હોવાનું ફિલ્મી કાનાફૂસી દ્વારા જાણવા મળ્યું હતું. મેગાસ્ટાર બિગ બીની કારકિર્દીમાં તેઓ પહેલી વાર એક વ્યંડળનું પાત્ર ભજવી રહ્યા છે. તેથી ચાહકો સહિત અક્ષય કુમાર પણ તેમને એક વ્યંડળના પાત્રમાં જોવા ઉત્સુક થઈ રહ્યો છે.

નર્મદા જિલ્લામાં ૪૪ ડિગ્રી તાપમાનનો પારો ઉંચે જતા બે લૂ લાગ્યાના બનાવ



સરકારી તથા ખાનગી દવાખાનાઓમાં ઓપીડી વધી, વાયરલ અને તાવના દર્દીઓ વધ્યા

રાજપીપળા: નર્મદા જિલ્લામાં તાપમાનનો પારો ૪૪ ડિગ્રી પર પહોંચતા અંગ દઝાડતી ગરમીમાં લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે અને બપોર તો ઠીક સાંજે પણ ગરમ પવન લોકોને પરેશાન કરી રહ્યો છે. નથી પંખા કામ લાગતા કે નથી કોઈ કુલર આવા વાતાવરણમાં લોકોની તબિયત લથડી રહી અનેં માં એક ખાનગી તબીબ પાસે સારવાર લેવા બે દર્દીઓ એવા આવ્યા કે જેમને લૂ ની અસર હતી જેથી તેમને વધુ સારવાર માટે તાત્કાલિક વડોદરા લઇ જવા જણાવ્યું જોકે આ સિવાય સામાન્ય લૂ ના લક્ષણ વાળા દર્દીઓ વધુ આવે છે અને હાલ ખાનગી અને સરકારી બંને દવાખાનાઓમાં ઓપીડી વધી ગઈ છે.

આગામી ત્રણ દિવસ હજુ હીટવેવ છે ત્યારે નર્મદા જિલ્લામાં લોકો પર અસર દેખાઈ રહી છે. સરકારી દવાખાનામાં જોઈએ તો હાલ ૩૦૦ જેટલી ઓપીડી આવે છે અને જેમાં શરદી, ખાંસી તાવના દર્દી વધુ હોય છે વાયરલના દર્દીઓ વધુ હોય છે એટલુંજ નહિ સરકારી સાથે ખાનગી તબીબોના દવાખાનાઓમાં ૨૦૦ થી વધુ ઓપીડીઓ નોંધવા લાગી છે.જેથી ગરમીનો અસર થઈ રહી છે. જે ચોક્કસ કહી શકાય

રાજપીપળાના ખાનગી તબીબ ડો. નીરવ ગાંધી એ જણાવ્યું હતું કે.હાલ હીટવેવ ચાલે છે જેને રિલેટેડ અસર વાળા દર્દીઓ અહીંયા વધુ આવે છે. ગરમીથી બચવા જરૂર સાવચેતી રાખવાની દરેકને સલાહ આપું છું અને બે દર્દી લૂ ની અસર વાળા આવ્યા હતા જેની એકની સારવાર કરી વડોદરા સારવાર માટે મોકલ્યા છે અને બીજા દર્દીને પણ અસર હતી એટલે તેને પણ વડોદરા સારવાર માટે જવા કહ્યું જોકે આવા અનેક દર્દી આવે છે હાલ ગરમી વધી રહી છે જેની અસર લોકો પર પડી રહી છે.

રાજપીપળા કાછીયાવાડમાં કોર્પોરેટરના ઘરમાં જ પીવાના પાણીમાં જીવાત નીકળતા હોબાળો





૪૦૦૦ ની વસ્તી ધરાવતો કાછીયાવાડ વિસ્તારમાં ભર ઉનાળે પાણી આવ્યું એ પણ દુષિત અને જીવતો વાળું હોય ક્યાંક લીકેજ હોવાની શકયતા

રાજપીપળા: નર્મદામાં કાળઝાળ ગરમીમાં જયારે પાણીની પોકાર સંભળાય તો રોષ ચોક્કસ ઉઠે એ વ્યાજબી છે. હાલ ૪૫ ડિગ્રી તાપમાનમાં જિલ્લાના લોકો સેકાઈ રહ્યા છે એક બાજુ ત્રણ દિવસના હિટ વેવની હવામાન ખાતાએ આગાહી કરી છે ત્યારે સૌથી વધુ પાણી પીવા તબીબો પણ સલાહ આપે છે ત્યારે રાજપીપળા નગર પાલિકાનો કરોડોના ખર્ચે બનેલ ફિલ્ટર પ્લાન્ટ ધૂળ ખાય છે અને રાજપીપળા કાછીયાવાડમાં છેલ્લા ત્રણ દિવસથી દુષિત અને જીવતો વાળું પાણી આવતા લોકોમાં રોષ ફેલાયો છે.

રાજપીપળા કાછીયાવાડ વિસ્તાર માંથી ચૂંટાતા સદસ્યા કાજલ રામચંદ્ર કા.પટેલ ના ઘરે જયારે બપોરે પાલિકાનું પાણી આવ્યું ત્યારે તેમાંથી રીતસરની જીવાતો નીકળી હતી, છેલ્લા ત્રણ દિવસથી તો દુષિત પાણી આવતું હોવાની રજૂઆત કરવા છતાં કોઈ આવતું નથી ત્યારે આજે નાળાવાળા ફરિયામાંથી બૂમો આવી આમ આખો મહોલ્લો ભેગો થયો અને લોકોના ઘરોમાં થી જીવતો વાળું પાણી આવતા લોકોએ હોબાળો કર્યો જેમાં પાલિકા તંત્ર સામે ભારે રોષ વ્યક્ત કર્યો હતો. સદસ્યા કાજલ પટેલે જણાવ્યું હતું કે વોટરવર્કસના કર્મીઓ આજે જીવતો વાળું પાણી આવ્યું એમ કહેવા ફોન કર્યો તો આજે રજા છે કહી ફોન મૂકી દીધો ત્યારે લોકોના કામો કેવી રીતે થતા હશે એવી ચિંતા જાતે સદસ્યા એ કરી ખેદ વ્યક્ત કર્યો હતો. આ બાબતે નટવર ગોરધન પટેલે જણાવ્યું હતું કે છેલ્લા ૩ દિવસથી પાણી દુષિત આવે છે ની રજૂઆત છતાં કોઈ ગંભીરતા નથી અમે ત્રણ દિવસથી વેચાતું પાણી લાવીને પીએ છે. શુદ્ધ પાણી નથી મળતું, ગામમાં સફાઈ સારી રીતે થતી નથી ઠેર ઠેર ગંદકી જોવા મળે છે તો હાલના સત્તાધીશો કરે છે શું એ સમજણ પડતી નથી. ઉનાળામાં કમસેકમ પાણી તો ચોખ્ખું આપો એવી અમારી માંગ છે. તેમ કહી રોષ વ્યક્ત કર્યો હતો.

કોર્પોરેટર જાણ કરે તો પગલા લેવા જ જોઈએ : જિગીષાબેન ભટ્ટ , પાલિકા પ્રમુખ

આ બાબતે પાલિકા પ્રમુખ જિગાશાબેન ભટ્ટે જણાવ્યું કે પાણી જેવી બાબત માં ખાસ ધ્યાન આપવું પડે અને જો પાલિકાના કોર્પોરેટર ફોન કરે તો તો જેતે ખાતાના સુપરવાઈઝરે પ્રાથમિકતા આપવીજ જોઈએ છતાં જો આવો આમ બન્યું હોય તો હું હમણાં વોટર વર્કસના સુપર્વાઈઝર સાથે વાત કરું છું.

કાળઝાળ ગરમીના લીધે સુરત સિવિલમાં દાખલ દર્દીઓ માટે ઘરેથી પંખા લાવવા પડે છે

સુરત

સુરત શહેરમાં છેલ્લા ત્રણ દિવસથી આકાશમાંથી આગના ગોળા પડે એવી ગરમી પડી રહી છે. તેવા સમયે નવી સિવિલ હોસ્પિટલમાં દાખલ દર્દીને વધુ ઠંડકની રાહત મળે તે માટે ઘરેથી ટેબલ ફેન લાવવાનો વારો આવ્યો હોવાનું જાણવા મળે છે.

નવી સિવિલ હોસ્પિટલ પાસેથી મળેલી વિગત મુજબ નવસારીના જલાલપુર ખાતે ગૌરીશંકર મહોલ્લામાં રહેતી ૧૮ વર્ષીય દિવ્યા ખીમજીભાઈ દાફડા સુરતના અઠવાલાઈન્સ વિસ્તારની કોલેજમાં એફ વાય બી કોમ એક્સટર્નલ કરે છે.

ગઈકાલે સાંજે તે ટ્રેનમાં નવસારીથી સુરત આવવા નીકળી હતી. તે સમયે ઉધના રેલવે સ્ટેશન પાસે તેના હાથમાંથી કોઈ મોબાઈલ આંચકી લેવાનો પ્રયત્ન કર્યો હતો. જેમાં દિવ્યા ટ્રેનમાંથી નીચે પટકાતા પગમા ઈજા થવાથી સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલમાં દાખલ કરી છે.

દિવ્યાના સબંધીએ જણાવ્યું હતું કે આગઝરતી ગરમીમાં સિવિલમાં દાખલ દિવ્યાને ખૂબ જ ગરમી લાગે છે, ત્યાં પંખો ચાલુ છે પણ તેના પલંગથી થોડો દૂર છે. જેને કારણે બરાબર પંખાની હવા લાગતી નથી. જેના કારણે દર્દીને ઠંડકની રાહત મળે તે માટે આજે સવારે સુરતમાં રહેતા તેના સંબંધી ટેબલ પંખો લઈને સિવિલ હોસ્પિટલમાં વોર્ડમાં આવ્યા હતા, ત્યાં પંખો ચાલુ કર્યા બાદ દર્દીને રાહત અનુભવી હતી.

નાંદોદના મોટા લીમટવાડાની આધેડ મહિલાએ ઝેરી દવા પીતા મોત

રાજપીપળા : નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકાના મોટા લીમટવાડા ગામની આધેડ મહિલાએ ઝેરી દવા પીતા તેમનું મોત થયું છે.

મોટા લીમટવાડા ગામમાં રહેતા લખીબેન શનાભાઈ વસાવા (૫૫) એ કોઈ અગમ્ય કારણોસર પોતાનાજ ઘરે શુક્રવારે ઝેરી દવા પીજતા પ્રથમ સારવાર માટે રાજપીપળા સીવીલ હોસ્પીટલમાં લવાયા બાદ વધુ સારવાર માટે વડોદરા ખાતે દાખલ કરેલ જયા સારવાર દરમ્યાન તેમનું મોત થતા રાજપીપળા પોલીસે અ.મોત દાખલ કરી તપાસ હાથ ધરી છે.

સાપુતારામાં અકસ્માત માટે કુખ્યાત ઘાટમાર્ગ પર મોટી દુર્ઘટના ટળી

ખાનગી બસની બ્રેક ફેલ થતાં ખીણમાં ઉતરી: મોટી દુર્ઘટના ટળી, ૧૦ લોકોને સામાન્ય ઈજા

ડાંગ

સાપુતારામાં અકસ્માત માટે કુખ્યાત ઘાટમાર્ગ પર આજે એક ખાનગી બસને અકસ્માત નડ્યો હતો. ખાનગી બસની બ્રેક ફેઈલ થઈ ગઈ હતી. અને ઘાટ ચડી ન શકતા રિવર્સ થઈ ખીણમાં ઉતરવા લાગી હતી. હતી. દરમિયાન વચ્ચે એક વૃક્ષ આવી જતા તમામ પ્રવાસીઓનો ચમત્કારિક બચાવ થયો હતો. જોકે, આ અકસ્માતમાં ૧૦ જેટલા પ્રવાસીઓને સામાન્ય ઈજા થઈ હતી. મળતી માહિતી અનુસાર, સુરતના સહારા દરવાજા વિસ્તારમાં રહેતો પરિવાર આજે છોકરાની બાબરી ઉતારવા માટે શિરડી જવા નીકળ્યા હતા. શ્રીજી ટ્રાવેલ્સની ખાનગી બસમાં ૬૦ જેટલા લોકો સવાર હતા. દરમિયાન સાપુતારા ઘાટ માર્ગ પર પહોંચ્યા હતા. જ્યાં બસ ઘાટ ચડી ન શકતા રિવર્સમાં આવી હતી. અને બ્રેક ફેઈલ થઈ ગઈ હોવાથી બસ ખીણમાં ઉતરવા લાગી હતી. બસમાં સવાર તમામ લોકો બુમાબમ કરવા લાગ્યા હતા. જોકે, ખીણમાં ઉચરતી બસ વચ્ચે એક વૃક્ષ આવી જતા બસ અટકી ગઈ હતી. અને બસમાં તમામનો ચમત્કારિક બચાવ થયો હતો. બસ ખીણમાં ઉતરી જવાના કારણે સર્જાયેલા અકસ્માતમાં બસમાં સવાર ૬૦ લોકો પૈકી ૧૦ને સામાન્ય ઈજા પહોંચી હતી. જેથી ૧૦૮ દ્વારા શામગહાન પીએચસી ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. જયારે પ્રાવસીઓને સાપુતારાથી ખાનગી વાહનોમાં રવાના કરવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું છે.

૧૦૦ કારીગરોનો ૨૦ લાખ જેટલો પગાર બાકી

સુરતમાં હીરાની પેઢી ખોટમાં જતાં ૧૦૦ રત્નકલાકારોનો પગાર અટવાયો

સુરત

ડાયમંડ નગરી ફરી વખત ચર્ચાનો વિષય બન્યુ છે. સુરતની એક હીરાની પેઢી ખોટમાં જતાં પેઢીમાં કામ કરતા આશરે ૧૦૦ જેટલા રત્નકલાકારોનો પગાર પણ અટવાયો છે. જેને લઇ રત્નકલાકારોએ સુરત રત્નકલાકાર સંઘનો સંપર્ક કરી રજુઆત કરી છે. રત્નકલાકાર સંઘના જણાવ્યાન પ્રમાણે, ઓએફહીમાં કામ કરતા આશરે ૧૦૦ જેટલા કારીગરોનો ૨૦ લાખ જેટલો પગાર બાકી છે અને પેઢીના માલિકનો મોબાઈલ પણ બંધ હોવાથી સંપર્ક થઈ શક્યો નથી.

હીરા વેપારીઓની માહિતી અનુસાર, કતારગામના ગોટાલાવાડી વિસ્તારના ડાયમંડ હાઉસના છઠ્ઠા માળે મેથલી ડાયમંડ નામથી પેઢી આવેલી છે. આ પેઢીમાં અલગ અલગ ડિપાર્ટમેન્ટ આશરે ૧૦૦ જેટલા રત્નકલાકારો ફરજ બજાવે છે. જે રત્નકલાકારોનો આશરે દોઢ માસનો પગાર પણ બાકી છે. ડાયમંડ પેઢીના માલિક જય ધામેલીયાએ એકાએક પેઢી બંધ કરી નાખી છે સંપર્ક વિહોણા બન્યા છે. રત્નકલાકારો સાથે વાતચીત કર્યા બાદ તમામ રત્નકલાકારોને ખાતાએ બોલાવી જય ધામેલીયા પોતે આવ્યા ન હતો.જેથી રત્નકલાકારોએ સુરત રત્નકલાકાર સંઘને રજુઆત કરવા પહોંચ્યા હતા.

પેઢીના માલિક પાસેથી નાણા લેણા નીકળતા હોવાથી લેણદારો પણ કારખાને આવ્યા હતા અને તાળું તોડી સામાન લઈ જવાનો પ્રયાસ કર્યો હતો. જેથી પેઢીના ભાગીદારો દ્વારા કતારગામ પોલીસને જાણ કરવામાં અવી હતી. પેઢીમાં કામ કરતા આશરે ૧૦૦ જેટલા રત્નકલાકારો ૨૦ લાખ જેટલો પગાર બાકી છે.

તાપી શુદ્ધીકરણના સંદેશ માટે નદી તટેથી પ્લાસ્ટિકની ૪,૦૦૦ બોટલ વીણી તરાપો બનાવ્યો

'તાપી બોલશે મને બચાવો' કાર્યક્રમ હેઠળ આઈ એમ નોટ ડસ્ટબીન મેસેજ લખી તરાપો તરતો મૂકયો

સુરત

સુરતમાં તાપી નદીના શુદ્ધીકરણના મેસેજ માટે અનોખો પ્રયોગ કરાયો છે. યુવાનોએ તાપીના શુદ્ધીકરણનો સંદેશો આપવા માટે નદી તટેથી વીણેલી પ્લાસ્ટિકની બોટલનો તરાપો બનાવી વહેતો મૂક્યો છે. આ તરાપો પાણીમાં છોડી અને તેના પર સંદેશો લખાયો છે કે 'આઈ એમ નોટ ડસ્ટબીન'સુરતમાં 'તાપી બોલશે મને બચાવો' અભિયાન હેઠળ આ તરાપો તૈયાર કરવામાં આવ્યો હતો અને તેને વહેતો મૂકવામાં આવ્યો હતો.

સુરતમાં વિદ્યાર્થીઓના ગ્રુપ દ્વારા આ અનોખું અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. સ્ટુડન્ટ્સે તાપીના કિનારે પ્રવાસીઓ દ્વારા તેમજ મુલાકાતીઓ દ્વારા ફેંકવામાં આવતી બોટલો વીણી અને એકત્રિત કરી હતી. યુવાનોના આ ગ્રુપ દ્વારા આ બોટલનો ઉપયોગ કરીને એક તરાપો તૈયાર કરવામાં આવ્યો હતો. તાપીના શુદ્ધીકરણના અનેક પ્રયાસો કરવામાં આવી રહ્યાં છે જેના ભાગરૂપે જુદી જુદી સંસ્થાઓ દ્વારા પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યાં છે. પ્લાસ્ટિકથી લઈને અન્ય કચરો ફેંકાવાના કારણે થતા નદીઓના પ્રદુષણને અટકાવવાના ભાગરૂપે આ પ્રયાસ કરવામાં આવ્યો હતો.

ઉલ્લેખનીય છે કે નદીઓના શુદ્ધીકરણ માટે અવારનવાર જનજાગૃતિ કાર્યક્રમો થતા રહે છે પરંતુ તેમ છતાં નદીઓની સફાઈ જાળવી શકાતી નથી. પ્લાસ્ટિકના અતિક્રમણની વચ્ચે પર્યાવરણના બચાવવા માટે જનજાગૃતિ લાવવાના હેતુથી આજે સુરતમાં એક અનોખી પહેલ કરવામાં આવી હતી.

દંપતી વચ્ચે ઝઘડો થતાં પત્નીએ છરીના ઘા ઝીંકી પતિને મોતને ઘાટ ઉતાર્યો

ભરુચ

ભરૂચના ભરથાણાની સીમમાં પતિ-પત્ની વચ્ચેના ઝઘડાએ લોહીયાળ સ્વરૂપ ધારણ કરતા પત્નીએ જ છરીના ઘા ઝીંકી પતિને મોતને ઘાટ ઉતાર્યો હોવાની ઘટના પ્રકાશમાં આવી છે.ઘટના ની જાણ થતાં નબીપુર પોલીસે હત્યાનો ગુનો નોંધી હત્યારણ પત્નીની અટકાયત કરવાના ચક્કો ગતિમાન કર્યા છે.

ભરૂચના ભરથાણાની ખાતે આવેલ સમીર એગ્રોમાં મજૂરી કામ કરતા નંદકિશોર નારાયણ ઠાકુર (ઉ.વ.૪૨ આ.૨૫)ભરથાણાની સીમમાં આવેલ સમીર એગ્રોના કંમ્પાઉન્ડમાં સ્ટાફ ક્વાટર્સ માં પત્ની રૂપાદેવિ સાથે રહેતા હતા. તા.૨૬મીની બપોરે ૧ વાગ્યાની આસપાસ પત્ની રૂપાસાથે કોઈ કારણો સર ઝઘડો અને બોલાચાલી થઈ હતી.જો તજો તામાં બોલાચાલીએ હિંસકરૂપ લેતા પત્ની રૂપાએ ઘરના રસોડામાં પડેલ છરી ઉઠાવી પતિને છાતીના ભાગે મારી દેતા પત નંદકિશોરનું ગંભીર ઈજાઓના પગલે મોત નીપજ્યું હતું.

ઘટનાની જાણ નબીપુર પોલીસને કરાતા પોલીસે છોટેલાલની ફરિયાદ નોંધી મૃતક નંદકિશોરની લાસને પી.એમ. અર્થે ખસેડી હતી. હાલ તો પોલીસે હત્યાને અન્જામ આપનાર પત્ની રૂપાની અટકાયત કરવાની તજવીજ હાથ ધરવા સાથે વધુ તપાસ હાથ ધરી છે.

ડેડીયાપાડા વનવિભાગ દ્વારા પરવાનગી વિનાના ખેરના લાકડા ભરેલો ટેમ્પો સહિત ૨.૨૫ લાખનો મુદ્દામાલ જપ્ત



રાજપીપળા: નર્મદા જિલ્લો એ આદિવાસી જંગલ વિસ્તાર ધરાવે છે અહીંયા અભિયારણો પણ આવેલા છે જેમાં ડેડીયાપાડા સાગબારા સહિતનો વિસ્તાર ગીચ જંગલો વાળો હોઈ અહીંથી અવારનવાર વિરપ્પનો દ્વારા લાકડાની ચોરીના બનાવ બનતા રહે છે જેમાં ડેડીયાપાડા વનવિભાગના રેંજર્સ ફોરેસ્ટર ?વારા રાત્રી પેટ્રોલિંગ દરમિયાન ચોક્કસ બાતમીના આધારે પાસ પરમીટ વગરના ખેરના લાકડા ભરેલ ટેમ્પો પકડી પાડવામાં આવતા વીરપ્પનો માં ફફડાટ ફેલાયો હતો .

પ્રાપ્ત માહિતી મુજબ ડેડીયાપાડા રેંજનો સ્ટાફ રૂટિન નાઈટ પેટ્રોલીગમાં હતા તે દરમિયાન બાતમી મળેલ કે કાબરીપઢાર ગામેથી પરવાનગી વગરના ખેરના લાકડા ભરેલી ગાડી પસાર થવાની છે જેથી ગાજરગોટા ગામ નજીક વોચ ગોઠવી હતી તે દરમિયાન રાત્રીના બે વાગ્યાના સુમારે નાકાબંધી દરમિયાન ટેમ્પો રોકતાં ડ્રાઈવર સહિત ત્રણ વ્યક્તિઓ નાસી છૂટ્યા હતા અને બેની અટક કરી હતી જેમાં ટેમ્પો નં જીજે ૯ ટી ૬૩૯૨ નંબરનો ટેમ્પો પાસ પરમીટ વગરના ખેરના લાકડા નંગ ૯૫ અને ૪.૩૧૧ ઘન મીટર જે પાસ પરવાનગી વગર હેરાફેરી કરતા હતા ત્યારે જેની સાથે એક મોટર સાઇકલ આગળ પેટ્રોલીગમાં ચાલતી હતી તેની પણ અટક કરવામાં આવી છે જે અંગે તા ૨૬ એપ્રિલ ના રોજ ગુનો નોંધી ટેમ્પાની કિંમત રૂ ૧,૦૦,૦૦૦/- તથા ખેરના લાકડાની કિંમત રૂ ૧,૦૦,૦૦૦/- તેમજ પાયલોટીગમાં ફરતી મોટર સાઇકલ ની કિંમત રૂ ૨૫,૦૦૦ મળી કુલ રૂ. ૨,૨૫,૦૦૦/- નો મુદ્દામાલ કબ્જે કરી ભારતીય વન અધિનિયમ કલમ ૪૧બી (ખ) મુજબ વનવિભાગ દ્વારા આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી .

ગુજરાતના અમુક જિલ્લાના પોલીસ સ્ટેશનોમાં પકડાયેલા આરોપી કે મુદ્દામાલ કરતા પોલીસના ફોટા વધુ જોવા મળે છે

કોઈ પણ ગુનામાં પકડાયેલા એક કે બે આરોપીને નીચે બેસાડી પાછળ ચાર પાંચ પોલીસ જવાનો અને એકાદ અધિકારી ઉભા રહી જાય છે પોલીસ ખાતાનું કામજ આરોપી અને મુદ્દામાલ પકડવાનું હોય છે છતાં પ્રસિદ્ધિ શા માટે...?



રાજપીપળા : સમગ્ર ગુજરાત રાજ્યમાં અમુક પોલીસ સ્ટેશનો માં જાણે પોલીસ વિભાગે આરોપીઓને કે મુ?દામાલ પકડી મોટી ધાડ મારી હોય એમ અખબારોમાં તસવીરો છાવવા ભો ક્રેઝ જોા મળે છે જોકે વાત કરીએ નર્મદા જિલ્લાની તો આ જિલ્લાના પોલીસ ખાતાને આવો ખાસ ક્રેઝ નથી પરંતુ અમુક જિલ્લામાં પકડાયેલા એક કે બે આરોપી કે મુદ્દામાલ આગળ મૂકી પાછળ પોલીસના ચાર પાંચ જવાનો અને એકાદ પોલીસ અધિકારી ઉભા રહી ફોટા ખેંચી પત્રકારો સુધી પહોંચતા કરે છે ત્યારે અમુક સમયે સિવિલ યુનિફોર્મમાં સ્ટાફ ઉભેલો હોય તો આરોપી કોણ અને પોલીસ કોણ એ પણ ખબર પડતી નથી સવાલ એ થાય કે પોલીસ ખાતાનું કામ ગુના અને ગુનેગારને પકડવાનું છે ત્યારે પોતાની કામગીરી પુરી કર્યા બાદ સસ્તી પ્રસિદ્ધિ મેળવવા તસવીરો ખેંચી કે ખેંચાવી વાહવાહી મેળવવાનો શું મતલબ...? અખબારોમાં આવતા સમાચારોમાં તપાસ કરનાર અધિકારીના નામ આવતાજ હોય છતાં ફોટા પડાવી પ્રસિદ્ધિ મેળવવાનો શું મતલબ ...?

કેટલીક આવી તસવીરો માં એવું ઓન જોવા મળે છે કે જેતે પોલીસ સ્ટેશનના પીઆઇ કે પીએસઆઇ વર્દી વગર હોય અથવા વર્દી હોય તો માથે કેપ ન હોય તો શું આ પોલીસ યુનિફોર્મ નું અપમાન કે ફક્ત પ્રસિદ્ધિ મેળવવાજ પોલીસ વિભાગમાં ભરતી થયા હશે...? ખેર આવી નામના ગુજરાતના દરેક પોલીસ સ્ટેશનોમાં નથી પણ જ્યાં પણ હોય આઈજી કે ડીઆઈજી કક્ષાના અધિકારીઓએ આ માટે કડક બનવું પડે એમ લાગે છે.

અમે અહીયા એક ફાઈલ ફોટો આપને બતાવવા મુક્યો છે એ એ ગુજરાતના પોલીસ સ્ટેશનનો છે જેમાં ફક્ત એક આરોપી પાછળ સાત પોલીસ ઉભેલા જણાય છે ત્યારે આ એક તસવીર જ ઘણું બધું કહી જાય છે .જોકે અમે આ ફોટો ડીફોકસ કર્યો છે કેમકે અમારો કોઈને બદનામ કરવાનો ઈરાદો નથી પણ આવું ઘણા પો.સ્ટે.માં જોવા મળે છે .

જળ સંકટ નો ગેર-લાભ ઉઠાવતા ભૂ-માફિયાઓ

જાણો ભૂગર્ભ જળનું ક્યાં અને કેવી રીતે નિકંદળ નીકળી રહ્યું છે?



અંકલેશ્વર

નેશનલ હાઈવે પર અને ભરૂચ જિલ્લા ની હદ વિસ્તાર ને અડીને આવેલ ધામરોડ ગામની ખેતી ની જગ્યા માં એક કિલોમીટર ની ત્રિજ્યા ના વિસ્તાર માં અંદાજે ૧૦૦ થી વધુ પાણી ના ગેરકાયદેસર ના બોર કરવામાં આવ્યા છે અને હજુ વધુ બોર થતા નજરે જણાય છે. એક જ જગ્યાએ અનેકો બોર કરવામાં આવેલ છે . વીજ કનેકશનો. જનરેટરો અને ડીઝલ એન્જિન ના ઉપયોગ થી આ પાણી કાઢી ટેન્કરો દ્વારા ઔદ્યોગિક એકમોમાં વપરાશ અર્થે ગેરકાયદેસર રીતે વેચાણ કરવામાં આવી રહ્યું છે.

ઔદ્યોગિક એકમો માં પાણી માંગણી ને સંતોષવા રોજ ના હજારો ટેન્કરો થી પાણી નો વેચાણ થાય છે . આટલા બધા મોટા પ્રમાણ માં ભૂગર્ભ જળ ના ગેરકાયદેસર ના પાણી ના નિકાલ થી આસપાસ ના જળ સ્થળ નીચે ગયા છે. ગેરકાયદેસર રીતે વીજ વપરાશ પણ થઈ રહ્યો છે. આમ દેખીતી રીતે આ ગેરકાયદેસર નો મોટો ગોરખધંધો રાજ્ય ના ધોરી માર્ગ પરજ થઈ રહ્યો છે જેની જાણ તંત્ર ને નથી અથવા તંત્ર ની રેહમ નજર હેઠળ આ વેપલો ચાલી રહ્યો છે.

પ્રકૃતિ સુરક્ષા મંડળ દ્વારા માંગણી કરવામાં આવે છે કે ખેતી ની જગ્યા માં આ ગેરકાયદેસર રીતે થતી વ્યાપારી કામગીરી અને ભૂગર્ભ જળ ના થતા દુરુપયોગ ને અટકાવવા તંત્ર દ્વારા તાત્કાલિક પગલાં લેવામાં આવે .જો આવી પ્રવૃતિઓ ને અંકુશ માં ના લેવામાં આવશે તો આવનારા દિવસો માં પર્યાવરણ ને આની વિપરીત અસરો પડશે.

છેલ્લા એક વર્ષ થી પાસપોર્ટ ચીટીંગના ગુનામા નાસતા ફરતા આરોપીને ઝડપી પાડતી ભરૂચ એસ.ઓ.જી.



ભરૂચ જીલ્લા પોલીસ અધિક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમાની સુચના અને માર્ગદર્શન આધારે નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવાની ઝુબેશ અન્વયે એસ.ઓ.જી.ભરૂચના પો.સ.ઈ એસ.એન. ગોહિલ.તથા પો. સ. ઈ. કે.એમ.ચૌધરી તથા એસ.ઓ.જી.પોલીસ માણસો એ.ટી.એસ, ચાર્ટર મુજબની કામગીરીમાં હતા દરમ્યાન હેડ.કોન્સ. ધર્મેન્દ્રભાઈ ઝુલાલભાઈ તથા પો.કો.મંહમદગુફરાન મોહમદઆરીફની અંગત બાતમી આધારે ભરૂચ''એ'' ડી.વી.પો.સ્ટે ગુ.ર.નં I-૭૧/૨૦૧૮.૪.પી.કો કલમ ૪૦૬,૪૨૦ મુજબ વિગેરે મુજબ નાસતો ફરતો આરોપી રીયાઝ હુશેન નીશાર હુશેન મલેક જાતે દિવાન ઉ.વ.૪૭ રહે મલબારી દરવાજા જુમા મસ્જીદ લાલ બજાર મકાનનં-સી /૧૭૦૬ભરૂચ નાને આજરોજતા ૨૭/૦૪/૨૦૧૯ ના ક.૨૨/૪૫ વાગે જીએનએફસી બસસ્ટેન્ટ પકડી ૪૧(૧) આઇ મુજબ ધરપકડ કરી કાયદેસર કાર્યવાહી કરવામાં આવેલ છે.

નવસારીથી ૩ બહેન સુરતમાં મોટી બહેનને મળવા મેમુમાં આવી રહી હતી

ચાલતી ટ્રેનમાં બદમાશે ફોન ઝૂંટવાની કોશિશ કરી,યુવતી પડી જતાં પગ કપાયો

સુરત

મેમુ ટ્રેનમાં નવસારીથી સુરત બહેનના ઘરે આવતી ૧૯ વર્ષીય કોલેજ સ્ટુડન્ટ પર મોબાઈલ સ્નેચરે ફોન ઝુંટવવા કરેલા હુમલામાં તેનો જમણો પગ કપાઈ ગયો હતો. દિવ્યા ખીમજી દાફડા (૧૯,રહે, ગૌરીશંકર મહોલ્લો, જલાલપોર, નવસારી) નાની બહેન ક્રિષ્ણા ,મોટી બહેન મમતા અને માજી સાથે સાંજે મેમુ ટ્રેનમાં સુરત અન્ય બહેનના ઘરે જમવા આવી રહી હતી.ટ્રેન જયારે ઉધના રેલવે સ્ટેશન પસાર કરી કાંકરાખાડી પાસે પહોંચી ત્યારે દિવ્યા અને ક્રિષ્ણા દરવાજા પાસે બેઠી હતી. ટ્રેન ધીમી પડતા અચાનક જ એક યુવકે દિવ્યાના હાથ પર જાપટ મારતા દિવ્યા ચાલુ ટ્રેનમાંથી નીચે પટકાઈ હતી અને ટ્રેનની અડફેટે આવી જતા જમણો પગ કપાઈ ગયો હતો.અજાણ્યો ચેઇનસ્નેચર પર્સ લઈને દિવ્યાને કણસતી મૂકી ભાગી છૂટ્યો હતો. જો કે દિવ્યાએ ઈજાગ્રતહાલતમાં પણ મોબાઈલ હાથમાં જ રાખ્યો હતો. ટ્રેન જયારે સુરત પહોંચી ત્યારે દિવ્યાની બહેને પોલીસને જાણ કરી હતી. ઘટના બાદ દિવ્યાને સિવિલમાં ખસેડવામાં આવી. જો કે ડોક્ટર ન હોવાનું કારણ આપી દોઢ કલાક સુધી સ્ટ્રેચર પર દર્દથી કણસતી રહી હતી. સ્નેચર દ્વારા મુસાફરોને ચાલતી ટ્રેનમાં હુમલો કરીને વસ્તુઓ ચોરવાની ઘટના છાશવારે બને છે. આ કારણે બેના મોત થયા હતાં અને અનેક ઘાયલ થયા છે છતાં રેલવે પોલીસના પેટનું પાણી પણ હલતું નથી. આવી ઘટના માટે તો માત્રને માત્ર રેલવે તંત્ર અને પોલીસ જવાબદાર છે.

MARKET 4U™
સર્વિસ પ્રોવાઇડર નીમવાના છે
MARKET4U (રજી.) કંપનીને પોતાના જાહેરાત, મેરેજ, લગ્ન www.connectindians.inના ઓન-લાઈન પ્લેટફોર્મની સેવાઓ માટે ગુજરાતના તમામ જિલ્લા, શહેર અને તાલુકા લેવલે જરૂરિયાત મુજબ મૂડી રોકાણ (રૂપિયા ૫૫૦૦/- કે તેના ગુણાંકમાં) કરી ગ્રાહકોને સેવા આપી શકે તેવા સર્વિસ પ્રોવાઈડર તાત્કાલિક વહેલા તે પહેલાના ધોરણે નીમવાના છે. ઈચ્છા ધરાવતા વ્યક્તિઓ સંપર્ક કરે. (નફાનું ધોરણ રોકાણ અને વેચાણ મુજબ ૧૦% થી ૧૮% રહેશે. કંપની જાહેરાત પોતે કરી આપશે.)
7575006847 Whats-App
7575006848 Time 10 am
7575006850 to 5 pm

CONNECTINDIANS MARKET4U
ખુશખબર... ખુશખબર... ખુશખબર...
શું આપ બેરોજગાર છો ?
શું આપ નોકરી બદલવા માગો છો ?
શું આપના લગ્ન બાકી છે ?
તો આપને માટે MARKET4U લાવ્યું છે એક નવું
ઓનલાઇન જોબ/ મેરેજ પ્લેટફોર્મ
માત્ર રૂપિયા ૫૫૦/-
www.connectindians.in માં આપનું રજીસ્ટ્રેશન કરાવો અને ૫ વર્ષ સુધી ફ્રી વેબસાઈટ વાપરો.
જો વધુ કમાવુ હોય તો અન્ય મિત્રોને સમજાવી આપની સાથે જોડો અને વધારાના હજારો કમાઓ.
7575006847

MARKET 4U™
આપની જાહેરાત (Advertisement) અમારા (Market4u)ના વેબ પોર્ટલ પર મૂકાવો
માત્ર રૂપિયા ૬૦૦૦/- માં ત્રણ વર્ષ સુધી
સાથે વાપરો લગ્ન અને જોબના પોર્ટલ પણ ત્રણ વર્ષ તદ્દન ફ્રી
ગીફ્ટમાં મેળવો વાહન ટ્રેકિંગ સિસ્ટમ (GPS) મફત. (એક વર્ષ સુધી)
ઉપરાંત અન્યને જોડી ૧૨ લેવલનું એમએલએમ જોઇનીંગ ફ્રી કરી અઢળક કમાઓ.
ધનંજય ઝવેરી વિગત જાણવા તાત્કાલિક સંપર્ક કરો
Mo. 7575006847

સુરત રેલ્વે સ્ટેશન પાસેથી એનસીબી ટીમે ૮૧ કિલો ગાંજા સાથે ત્રણ શખ્સોની ધરપકડ કરી

સુરત

ગુજરાતના યુવાધનને નશામાં ધૂત કરવા માટે નાશખોરો દ્વારા નશીલા પદાર્થોને રાજયમાં ઘૂસાડવામાં આવી રહ્યા છે. સુરત રેલવે સ્ટેશન પાસેથી એનસીબીની ટીમ દ્વારા બાતમીના આધારે ૮૧ કિલો ગાંજાનો જથ્થો ઝડપી લેવામાં આવ્યો છે. પોલીસે ત્રણ લોકોની ધરપકડ કરીને ગાંજો સહિતનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

પોલીસ દ્વારા આપાવામાં આવેલી માહિતી અનુસાર ગાંજાના જથ્થાને પુરી અમદાવાદ એક્સપ્રેસમાં હેરાફેરી કરવામાં આવતી હતી. એનસીબીને આ અંગેની બાતમી મળી હતી. પોલીસ દ્વારા પકડાયેલા આરોપીઓ મૂળ ઓડીસાના રહેવાસી છે. આટલા મોટા જથ્થા સાથે ઝડાપયેલા આરોપીઓની પોલીસ દ્વારા પૂછપરછ કરવામાં આવી રહી છે.

સુરત રેલવે સ્ટેશન પાસેથી એનસીબીની ટીમે ૮૧ કિલો ગાંજા સાથે મૂળ ઓડિશાના ત્રણ લોકોની ધરપકડ કરી લેવામાં આવી છે. રેલ્વેમાંથી મોટી સંખ્યામાં પકડાયેલા જથ્થાથી પોલીસ પણ અચંબામાં પડી ગઈ હતી. પોલીસે આ તમામ લોકોને સાથે ઝડપી નશીલો પદાર્થે ઝડપી લીધો હતો.